વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૨, અંક : ૯, નવેમ્બર-૨૦૧૧ છુટક નકલ કિંમત રૂા. ૫-૦૦



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ



શ્રી સ્વામિનારાણ મંદિર
વડતાલ સંસ્થાન આયોજીત

આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ

## દ્વિશતાબ્દિ મહોત્સવ




**ફાગણ સુદ ૧૫ થી ફાગણ વદ-૪**
**તા. ૭ થી ૧૧ માર્ચ-૨૦૧૨ સુધી**

અધ્યક્ષ : પ. પૂ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી

: નોંધ :
જે હરિભક્તો ઉત્સવના કોઈપણ યજમાન પદનો લાભ લેવો હોય તેમણે વડતાલ મંદિરનો સંપર્ક કરવો. - નં. ૦૨૬૮ ૨૫૮૯૭૨૮, મો. ૯૩૭૪૯ ૯૫૦૦૦





# સ્મૃતિ મહોત્સવ

(એક ઝલક)

અખંડ ભજનાનંદિ પ. પૂ. સદ્. પુજારી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી (અથાણાવાળા સ્વામી)ની સ્મૃતિમાં ઉજવાયેલ



॥ वृत्तालये स भगवान् जयतिह साक्षात् ॥

Web Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vsm@vadtalmandir.org**
**vsm191@yahoo.co.in**

## Subscription

(india)

1 year ₹. 50

Lifetime ₹. 500,

For Other Countries

(airmail) ₹. 6750 (lifetime)

**Year - 2**
**Volume - 9**
**November - 2011**



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang

## ધર્મકુવર ઘનશ્યામજી... (રાગ : ગરબી)

ધર્મકુવર ઘનશ્યામજી, અક્ષરપતિ અવિનાશ;
પુરુષોત્તમજી પધારિયા, શ્રીહરિ ધર્મનિવાસ... ધર્મ ૧
ધરી મનોહર મૂર્તિ, કરુણામય કિરતાર;
રૂપ શીલ ગુણ વર્ણવતા, શેષ ન પામે પાર... ધર્મ ૨
કલિમાં અતિ કરુણા કરી, દીન પર દીનાનાથ;
મુક્ત મોટા નિજ ધામનાં, આવ્યા સર્વે લઈ સાથ... ધર્મ ૩
આવી અખાડો માંડીયો, અવનિ પર અલબેલ;
જુદો રચ્યો સર્વે જગતથી, અતિ અલૌકિક ખેલ... ધર્મ ૪
સુર નર અસુર વિમાસીયા, જોવા મળ્યો સર્વે જન;
નિજ મૂર્તિમાં નરનારીના, તાણી લેવા લાગ્યા મન... ધર્મ ૫
પડ્યું ભંગાણ સર્વે ભેખમાં, મત પંથે દીધો માગ;
પ્રેમાનંદ સર્વે જીવને, શરણે થવાનો આવ્યો લાગ... ધર્મ ૬

**ONWER :** Vadtal Temple Managing Trusty Board, Vadtal. **PUBLISHER, PRINTER & EDITOR :** Chief Execucative Kotharishree Shastri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji For Vadtal Temple Managing Trusty Board ,Vadtal. **PUBLISHED AT & PRINTING PRESS :** Shree Laxminarayandev Offset. Shree Swaminarayan Mandir AT & POST : Vadtal TA.Nadiad, Dist.Kheda (Guj) - Pin-387375, Ph.(0268) 2589728,776.

# પ્રેમવતીની પ્રાર્થના

❖ પ.પૂ.સદ્.શ્રીનિલકંઠચરણદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી–વડતાલ)



પ્રાર્થના ધર્મનો સ્તંભ અને અક્ષરધામની ચાવી છે. પ્રાર્થના એક પ્રકારનું ભાવાત્મક ધ્યાન છે. પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર સંદેશાવાહક, પ્રાર્થના આત્માનો ખોરાક છે. પરમાત્માની પ્રાર્થના આત્માની અનંત શક્તિઓને જગાડનાર દિવ્ય બળ છે. જેમ શરીરને સ્વચ્છ રાખવા નિયમિત સ્નાન કરવું જરૂરી છે તેમ અંતઃકરણને સ્વચ્છ રાખવા નિયમિત પ્રાર્થના કરવી જરૂરી છે. દરરોજ ભગવાન ને પ્રાર્થના કરવાથી અંતઃકરણ પવિત્ર બને છે, સ્વભાવમાં પરિવર્તન આવે છે, હતાશા અને નિરાશા નીકળી જાય છે, મનને શાંતિ અને તાજગી મળે છે. દિલમાં ઉમંગ પ્રગટે છે અને જીવન જીવવાની પ્રેરણા મળે છે.

પ્રાર્થના ઘણા પ્રકારની છે. તેમાં મુખ્ય બે પ્રકારની છે. એક ભૌતિક પદાર્થની માગણીની છે અને બીજી અધ્યાત્મ વિકાસની પ્રાર્થના. અહીં પ્રેમવતીની પ્રાર્થના એ ભૌતિક પદાર્થની માગણીની પ્રાર્થના નથી પરંતુ અધ્યાત્મ માર્ગમાં ચાલવા માટેની પ્રાર્થના છે. કેવી છે પ્રેમવતીની પ્રાર્થના તો વાંચો આગળ

પ્રેમવતી એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના માતા ભક્તિદેવી તેમનું બીજુ નામ પ્રેમવતી હતું. વિક્રમ સંવત૧૮૪૮ ના કાર્તિક સુદ ૮ ના દિવસે અયોધ્યાપૂરીમાં ભકિતમાતા બીમાર પડે છે. રામપ્રતાપભાઈ વૈદ્યને બોલાવી લાવે છે. વૈદ્યે દવા આપી પરંતુ સારૂ ન થયુ. માતા બીમાર છે. માનો અંતકાળ નજીક આવ્યો છે એમ જાણી બાળ પ્રભુ શ્રી ઘનશ્યામ  કાર્તિક સુદી નવમીની રાત્રીએ સેવા કરે છે, પગચંપી કરે છે શતાનંદ સ્વામી સત્સંગીજીવન ગ્રંથમા નોંધે છે

*અંતકાળવિદંસ્તસ્યાઃ સેવમાન્ધ તાં સ તું.*

સેવા કરતા કરતા પ્રભુએ વિચાર્યુ કે મારા સ્વરૂપનું જ્ઞાન આપી મુક્તિ આપી દઉ

**ચોપાઈઃ–**

**ત્યારે પ્રભુએ કર્યો વિચાર રે,   નહિ રહે તન નિરધાર રે.**

**આપુ જ્ઞાન માને આણી પળે રે,   જેણે કરી તર્ત દુઃખ ટળે રે**

શ્રી હરિએ વિચાર કર્યો કે  માતાને મારા સ્વરૂપનું જ્ઞાન આપી દઉ કારણ કે ભગવાનના સ્વરૂપના જ્ઞાન વિના મુક્તિ નથી મોક્ષનું અસાધારણ કારણ તો ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહત્મય જાણવું તે છે (વ.ગ.પ્ર.–૫૭). માટે માતાને મારા સ્વરૂપનું જ્ઞાન આપી

દઉ આવુ પ્રભુ વિચારે છે પરંતુ માતા બીમાર છે લાંબો ઉપદેશ અત્યારે કામ નહિ લાગે એમ જાણી શ્રી હરિ પ્રેમવતીને સમાધિ કરાવે છે.

**તે સાંભળી પૂરણ પ્રીત વાધી, માને કરાવી પ્રભુએ સમાધિ**

**કિશોર મૂર્તિ કરુણા નિધાન, તેજસ્વી કોટી સૂરજો સમાન.**

સમાધિમાં ભક્તિ માતાએ પોતાના પુત્ર ઘનશ્યામને અતિ દિવ્ય પ્રકાશમાન જોયા દિવ્ય મૂર્તિના દર્શન થતા ભક્તિમાતા આનંદ વિભોર બની ગયા. સમાધિમાં દિવ્ય મૂર્તિ આગળ ચાલે છે તેમની પાછળ ભક્તિમાતા ચાલે છે. શ્રી ઘનશ્યામ પ્રભુ સ્વર્ગમાં જાય છે ત્યારે ઈન્દ્રાદિક દેવતાઓ પ્રભુની સન્મુખ આવી સ્તુતિ, પ્રાર્થના કરીને સિંહાસન પર બેસાડી આરતી–પૂજા કરી. તે દેખી ભક્તિમાતા વિચાર કરવા લાગ્યા અહો હો ! મારો ઘનશ્યામ કેવડો મોટો કે જેની આરતી ઈન્દ્ર ઉતારે! પ્રભુને ઈન્દ્ર કરતા મોટા જાણ્યા ત્રીલોકીના નાથ જાણ્યા. પરંતુ પ્રભુને તો માતાને સંપૂર્ણ પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવું છે, તેથી પ્રભુ આગળ ચાલે છે, માતા પાછળ પાછળ ચાલે છે.

**ત્યાંથી જનિત્રી નિજપુત્ર સંગે,**
**ગયા મહાલોક મહાઉમંગ**
**ત્યાંથી સિધાવ્યા જનલોક માંય,**
**ત્યાંથી નિહાળ્યો તપ લોક ત્યાંય**
**જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં એ જ રીતે,**
**પૂજ્યા સહુએ પ્રભુ પુરી પ્રીતે.**
**ગયાં સતીને સુત સત્યલોકે,**
**છે આપ સર્વેશ્વર કોણ રોકે.**
**તે મૂર્તિ પાછળ માત જાય,**
**આવે ન તેને લવ અંતરાય**
**બ્રહ્મા પ્રભુને નજરે નિહાળી,**
**આવી નમ્યા ત્યાં અભિમાન ટાળી**

સત્યલોકમાં બ્રહ્માએ સ્તુતિ, પ્રાર્થના, પૂજા ને આરતી કરી તે જોઈને માતાને મનમાં મોદ સમાતો નથી. પ્રભુ ત્યાંથી આગળ ચાલે છે. પ્રધાન પુરુષના લોકમાં આવે છે. પ્રધાન પૂરૂષ પૂજા કરી, સ્તુતિ કરી, પ્રાર્થના કરી, આરતી ઉતારી, ત્યાં પ્રધાન(સ્ત્રી) ને જોઈ ભક્તિમાતા પૂછે છે, તમે કોણ છો ? ત્યારે પ્રધાન કહે છે ''હે માતા ! હું પ્રધાન છુ ને આ મારા પતિ પુરુષ છે.'' અમારા જેવા પ્રધાન પુરુષના જોડલા અનંત છે તે તમારા પુત્ર ઘનશ્યામની આજ્ઞાથી અમો બ્રહ્માંડની રચના કરીએ છીએ. આ તમારા પુત્ર ઘનશ્યામ છે.

**સર્વોપરી આ સુતને પ્રમાણો,**
**જેનો નિયંતા નહિ કોઈ જાણો**
**પામ્યા સુણી મોદ માય,**
**ગયા પછી મૂળપુરુષ જયાંય**

ભક્તિમાતા મુળપુરુષના લોકમાં ગયા. મુળપુરુષનો લોક દેખી ને માતા અતિ આશ્ચર્ય પામ્યા ને વિચારવા લાગ્યા કે મારો ઘનશ્યામ કેવડો માટો છે. તે જ ખબર પડતી નથી ! ત્યાં મુળપુરુષની સ્ત્રી મૂળમાયાને જોયા ભક્તિમાતા નજીક ગયા. મુળમાયાએ કહ્યું ''મા તમારે કાંઈક પૂછવું છે ?'' ત્યારે માતા કહે ''તમે કોણ છો ?'' ત્યારે મૂળમાયા કહે ''હું મુળ માયા છુ અને પુરુષ તે મારા ધણી છે.'' આ અમારુ ધામ છે અમો અનેક બ્રહ્માંડની ઉત્પતિ કરીએ છીએ. તમે આ ધામ જોયું તે શ્રી હરિની કૃપાથી નહીતર બીજાથી અહીં અવાય નહિ.

**જોયુ તમે આજ અમારૂ ધામ,**
**દેખે ન તેને અજ ઈન્દ્ર વામ.**
**અવાય આંહિ નહિ દેવતાથી ,**
**આવ્યા તમે આ હરિની કૃપાથી**

ત્યાંથી પ્રભુ ચાલ્યા. માતા પાછળ પાછળ ચાલ્યા. અક્ષરધામમાં આવ્યા. અક્ષરધામ જોઈને માતાની આંખો ચાર થઈ ગઈ અર્થાત કરોડો કરોડો સૂર્યનો પ્રકાશ જ્યાં જાખો પડે એવુ દેદીપ્યમાન અક્ષરધામ માતાએ જોયુ. પ્રભુ દિવ્ય સિંહાસન પર બેઠા અનંત કોટી મુક્તો પ્રભુની સ્તુતિ, પ્રાર્થના કરે છે. ભક્તિમાતા આ બધુ જોઈને આનંદ વિભોર બની હૈયુ ભરાઈ ગયું. થોડી વાર પછી શ્રીહરિએ માતાને જગાડયા ત્યાં તો પ્રભુને પગચંપી કરતા જોયા ભક્તિમાતાએ પગ ખેચી લીધો. પલંગમાં બેઠા થઈ ગયા બે હાથ જોડી કહેવા લાગ્યા.

उत्थाय बद्धाङ्जलि युग्ममस्मै
नत्वोपविश्याग्रत एव चास्य ।

सम्प्राप्त संसार विभुक्तिबृद्धिः

पपुच्छ निःश्रेयस साधनं सो ।।

ભક્તિમાતા પલંગમાં બેઠા બેઠા બે હાથ જોડીને કહે છે "હે પ્રભુ ! હું તમારે શરણે આવી છુ."

અહિથી પ્રેમવતીની પ્રાર્થના શરૂ થાય છે પ્રાર્થના અતિ અદ્‌ભુત છે.

**પ્રેમવત્યુવાચ**

**નમસ્તુભ્યં ભગવતે હરયે કષ્ટ હારીણે**

હે પ્રભુ ! તમોને હું નમસ્કાર કરુ છું. તમે સાક્ષાત્ પુરુષાત્તમ નારાયણ છો. હે પ્રભુ ! તમો એ તમારા દિવ્ય સંકલ્પથી તમારૂ દિવ્ય ઐશ્વર્ય છુપાવ્યુ છે, પરંતુ આજ તમારી કૃપાથી તમારો પ્રતાપ જાણ્યો છે. આજ સુધી હું તમોને પુત્ર માનતી હતી, પણ આજ તમોએ સુર્ય જેમ અંધકાર ને નાશ કરે છે તેમ તમોએ મારા અંતઃકરણના અંધકાર ને નાશ કર્યુ છે. આજ તમોને પ્રગટ પ્રમાણ સર્વોપરી સર્વાવતારના અવતારી સર્વ કારણના કારણ પરૂષોત્તમનારાયણ જાણું છું અને તમારા ચરણમાં પ્રાર્થના કરુ છુ.

**ભક્તિરુવાચઃ-**

**મૂલજ્ઞાન તમશ્ચયાર્ક વિધૃતતાને કાલવતાર પ્રભો**

ભક્તિમાતા પ્રાર્થના કરતા કહે છે, "હે પ્રભુ ! મુળ અજ્ઞાનને દૂર કરવામાં સૂર્ય સમાન છો." ક્યુ મૂળ અજ્ઞાન? તો સર્વાવતારી ભગવાન ને મનુષ્ય જેવા જાણ્યા આથી મોટુ અજ્ઞાન બીજુ ક્યુ હોય ! જેમ કોઈ સોનાને લોઢુ જાણે તેને આપણે અજ્ઞાની કહીએ છીએ. તેમ પૂર્ણપુરુષોત્તમ ભગવાનને મનુષ્ય જેવા જાણ્યા એ જ મોટુ અજ્ઞાન છે. એ અજ્ઞાન ને દૂર કરવા માટે હે પ્રભુ! આપ સુર્ય સમાન છો અર્થાત સૂર્યના પ્રકાશથી જેમ અંધારૂ જાય છે તેમ તમારા સ્વરૂપના જ્ઞાનથી અજ્ઞાન દુર થયુ છે. તમોને આજ મે જાણ્યા છે. હે પ્રભુ ! તમોને એકાંતિક ધર્મ અતિશય વ્હાલો છે.તે ધર્મનું રક્ષણ કરવા તથા સ્વધર્મનિષ્ઠ સાધુ,દેવો,બ્રાહ્માણો અને ગાયોની અધર્મથકી રક્ષા કરવા અતિશય કરૂણા કરી મારે ત્યાં તમે પ્રગટ થયા છો. મને બહુ ભાગ્યશાળી બનાવી છે. આજ મારા ભાગ્ય ને તોલે કોઈ ન આવે મને ભાગ્યશાળી બનાવનાર હે પ્રભુ ! તમોને નમસ્કાર. હે પ્રભુ આપના સ્વરૂપ માં મારી મતિ અચળ રહે આપનુ સ્વરૂપ દિવ્ય અને અતિ અદ્‌ભુત છે. દર્શનીય છે. સેવનીય છે. પૂજનીય છે. આપના સ્વરૂપમાં મારૂ મન સ્થિર થાય તેવી દયા કરો. આપના સ્વરૂપને જાણ્યા વિના તમોને પુત્ર રૂપે જાણ્યા તે અપરાધ ને ક્ષમા કરો. હે કરૂણા નિધાન ! આજ મારા ઉપર કરૂણા કરી મને કૃતાર્થ કરી પરંતુ પ્રભુ એક મારી પ્રાર્થના છે.

*पोष्या मे यथा बोध स्यात्तथा वक्तुमर्हषि।।*

સં-૧-૩૨-૧૯

હે પ્રભુ ! મારો સ્ત્રીનો દેહ તેથી મને વધારે સમજાય નહી અને આપના સ્વરૂપનું જ્ઞાન અગાધ અને અનંત છે. આપના સ્વરૂપનું જ્ઞાન મારા જેવી સ્ત્રી દેહ ધારીને સમજવુ મુશ્કેલ છે.


તેથી પ્રાર્થના કરૂ છું કે આપના સ્વરૂપનું જ્ઞાન મને સરળ રીતે સમજાય તેવો બોધ આપો.

શ્રીહરિ મંદ મંદ હસતા કહે છે, "હે માં ! મારા સ્વરૂપનુ જ્ઞાન યોગીઓને દુર્લભ છે. ધ્યાનીઓને દુર્લભ છે. તે જ્ઞાન મે તમોને સરલ રીતે જ આપ્યુ છે." મારા સ્વરૂપનું જ્ઞાન આપવા માટે જ હું તમારે ત્યાં પુત્ર રૂપે પ્રગટ થયો છુ. હે માતા ! મારા સ્વરૂપનુ જ્ઞાન અને મારો મહિમા સમજવો એ જ આત્યંતિક કલ્યાણ નું સાધન છે. હે માતા ! હું જ સર્વે કારણનો કારણ છું, હું જ સર્વોપરિ સર્વે અવતારનો અવતારી છું. એટલું તમે જાણ્યું છે તેથી તમારુ કલ્યાણ કરુ છું. એમ જ્યાં પ્રભુએ કહ્યું ત્યાં તો ભક્તિમાતાને અક્ષરબ્રહ્મ સાથે એકતા થઈ ગઈ અને પોતાના સત્ય સ્વરૂપ આત્માના દર્શન થયા અને તે આત્માને વિષે સાક્ષાત શ્રી હરિનું દર્શન થયું ને ભક્તિ માતાનો દેહ છુટી ગયો ને માતા અક્ષરધામને પામ્યા.

માટે હે ભક્તો! કલ્યાણનું અસાધારણ કારણ ભગવત સ્વરૂપનું જ્ઞાન તથા તેમનો મહિમા સમજાવો અને નિષ્ઠા રાખવી તે જ છે. વચનામૃત ગ. પ્ર. પ્ર. ૫૭માં મુક્તાનંદ સ્વામીએ પૂછ્યુ "હે મહારાજ ! મોક્ષનુ અસાધારણ કારણ તે શું છે ?" ત્યારે તેનો ઉત્તર આપતા શ્રીજી મહારાજ બોલ્યા ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહત્મય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતું છે. ભક્તિમાતાએ જેવા પ્રભુને જાણ્યા તેવા આપણે જાણીને ભક્તિ કરવી. એજ આપણી સાચીભક્તિ છે.

# સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટયના ૨૧૦મી જયંતિ પ્રસંગે ગુણાનુવાદ

❖ સાધુ વિવેકસાગરદાસ ગુરુ: મુ.કો.શ્રીનિલકંઠચરણદાસજી સ્વામી(વડતાલ)



મહામંત્રનો મહિમા શાસ્ત્રો,સંતો અને આચાર્યોના મતે

**વચનામૃત–સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ**

ગમે તેવો પાપી જીવ હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છુટીને બ્રહમમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે માટે ભગવાનનું બળ રાખવું.....(વચનામૃત ગ.પ્ર.પ્ર.–૫૬)

'...જયારે એવા ભુંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડયુ મૂકીને જીભે કરીને ઉચ્ચ સ્વરે નિર્લજજ થઈને તાળી વજાડીને 'સ્વામિનારાયણ..સ્વામિનારાયણ' ભજન કરવુ. (વચનામૃત લો.–૬)

**શ્રીહરિચરિત્રામૃતસાગર–સ.ગુ.શ્રીઆધારાનંદ સ્વામી**

'...સ્વામિનારાયણ નામમાં બધાજ નામ આવી જાય છે. તેનો જપ કરતા બીજા કોઈ નામ બાકી રહેતા નથી. (શ્રીહરિચરિત્રામૃત સાગર પુર–૧૦,તરંગ–૪૮)

'એક દિવસનો હરિભકત હોય અને તે સ્વામિનારાયણ નામ લેતો હોય તેના પણ મન–કર્મ–વચને કરીને દાસપણે વર્તવું.

(શ્રીહરિચરિત્રામૃત સાગર પુર–૭,તરંગ–૪૬)

'સ્વામિનારાયણ નામ ભજે તે સર્વે સંત દિવ્ય છે. બધાય અવતારનું સામર્થ્ય એમા રાખ્યુ છે (શ્રીહરિચરિત્રામૃત સાગર પુર–૧૧,તરંગ–૧૨)

'સવારમાં સ્વામિનારાયણ જેના કાને પડે તેના રાત્રિના અમંગળ નાશ પામે છે.'

(શ્રીહરિચરિત્રામૃત સાગર પુર–૧૦,તરંગ–૪૮)

**શ્રીહરિલીલામૃત– આચાર્યશ્રીવિહારીલાલજી મહારાજ**

જે સ્વામિનારાયણ નામ લેશે તેના બધા પાતક બાળી દેશે;
છે નામ મારા શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક
જો સ્વામિનારાયણ એકવાર, રટે બીજા નામ રટયા હજાર;
જપ્યા થકી જે ફળ થાય તેનું, કરી શકે વર્ણન કોણ તેનું ?

**સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામી**

અને સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી.એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઉડી જાય છે ને બ્રહમરૂપ થાય છે ને કાળ,કર્મ માયાનું બંધન છૂટી જાય છે.એવો બળીયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કર્યા કરવું. આખુ બ્રહમાંડ સ્વામિનારાયણનું ભજન કરશે ત્યારે સત્સંગ થયો, ને ત્યાં સુધી થાવો છે. સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરે તો મુંઝવણ પણ ટળી જાય. માટે ભજન કરવુ.

**સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામી**

લય તો ભગવાનની લીલાના ચિંતને કરી અને સ્વામિનારાયણ નામના ભજને કરીને ટળે છે

**સદ્.શ્રી મુકતાનંદ સ્વામી**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપના,
મનવા એહિ મંત્રરાજ ઈષ્ટદેવ અપના.....સ્વામિ૦

નિશદિન હરિનામ જપે લોકલાજ ત્યાગી,
મુકતાનંદ તાસમો નહિ દૂજો બડભાગી.....સ્વામિ૦

**સદ્.શ્રીનિષ્કુળાનંદ સ્વામી**

લેતા સ્વામિનારાયણ નામ રે, થાય શુદ્ધ નરવામ રે;
સ્વામિનારાયણ નામ જેવું રે, નથી બીજુ નામ કોઈ એવું રે.
માટે જે જપશે એ નામ રે, તે તો પામશે અક્ષરધામ રે.
એવો નામનો પરતાપ રે, પ્રગટાવ્યો પૃથ્વી પર આપ ર

**સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામી**

સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે,
શ્રવણે સાંભળતા કંપે દિનકર દૂત જો;
ભવના બંધન સદ્ય કાપી સુખીયા કરે,
શું કહી દાખુ મહિમા અતિ અદ્‌ભુત જો. સ્વામિ૦
ભવ બ્રહમા મુનિ મુકત જપે આ મંત્રને,
તે સહુ પામ્યા મનવાંછિત સુખ સાજ જો;
પ્રેમાનંદ કહે કર જોડી સહુ જનને,
ભૂલશો માં અવસર આવ્યો આજ જો......સ્વામિ૦

**સદ્.બ્રહમાનંદ સ્વામી**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સમરે દુઃખ જાવે;
મિટત શંક કાળ વ્યાળ, અતુલિત સુખ પાવે......સ્વામિ૦
વ્યાપત નહિ જાસ વિઘ્ન, જન્મ મરણ જાવે;
બ્રહમાનંદ શ્યામ મૂરત, અંતર ઠેરાવે........સ્વામિ૦

**સદ્.શ્રીદેવાનંદ સ્વામી**

સ્વામિનારાયણ સુમરણ કર લે,
ભજય નારાયણ ભાઈ;
રસના સ્વામિનારાયણ રટતે,
જનમ મરણ મીટ જાઈ....સ્વામિ૦
નામ તણો મહિમા અતિ મોટો,
વેદ પુરાન બતાઈ;
દેવાનંદ કહે સ્વામિ પ્રગટ ભયે,
સંતન કે સુખદાઈ.......સ્વામિ૦

**સદ્.શ્રી અવિનાશાનંદ સ્વામી**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ,
નામ રટો જન નેન નિહાર. સ્વામિ૦
સિંધુ સુતા સુત હોર હિયા પર,
લટકત લલીત અપાર. સ્વામિ૦
પ્રાણપતિ પિયા પ્રગટ છબીપર,
અવિનાશાનંદ બલહાર. સ્વામિ૦

આવી રીતે આપણા શાસ્ત્રોમાં સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા અપરંપાર ગવાયો છે કારણ કે આ મંત્રનો ઉદ્‌ઘોષ સ્વયં શ્રીહરિએ પોતાના મુખેથી જ કર્યો છે. આ મંત્ર સર્વ પ્રથમ ઝરણા પરણાના શિતલદાસ નામના સંન્યાસીને દયાએ કરીને હરિવરે આપ્યો અને આ મંત્રના શ્રવણ માત્રથી સર્વપ્રથમ સમાધિ દ્વારા અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણના દર્શન થયા અને પ્રગટ ભગવાનનો નિશ્ચય થયો અને શિતલદાસ મટીને વ્યાપકાનંદ સ્વામી નામ ધારણ કરી અખંડ શ્રીહરિના સેવક બનીને રહયા અને એવા સમર્થ થયા કે આ મંત્રના બળથી મરેલી ઘોડી અને મરેલા બ્રાહમણના પુત્રને બેઠો કર્યો.

આ મહામંત્રના પ્રતાપથી હજારો ભકતો નિરાવરણ સ્થિતિને પામ્યા છે, કારણ કે જેનો મહામંત્ર જપાય છે એવા સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ સર્વે આવરણથી પર દિવ્ય સદા સાકાર મૂર્તિ છે એ મૂર્તિના પ્રતાપે યુકત આ મહામંત્રમાં આવુ બળ છે. તેથી આપણા શાસ્ત્રો અને સંતો નામીએ સહિત નામ લેવાની શીખ આપે છે.

આ મહામંત્રના પ્રતાપથી સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે સદ્.શ્રી સ્વરૂપાનંદ સ્વામીને યમપુરીમાં ાેકલી યમયાતનાથી પીડાતા આત્માઓનો ઉદ્ધાર કરાવ્યો.

**જોયા નરકમાં પીડાતા પ્રાણી,**
**અતિ અંતરમાં દયા આણી;**
**લીધુ સ્વામિનારાયણ નામ,**
**નાઠચા સાંભળી દૂત તમામ.**

આ મહામંત્રના પ્રતાપથી હજારો હરિભકતોની ભુત–પ્રેતથી રક્ષા થયેલી છે, સર્પના ઝેર ઉતર્યા છે એવા અનેક દાખલાઓ છે.

આ મહામંત્રના પ્રતાપથી લાખો ભકતો દિવ્ય દેહ ધારણ કરી અક્ષરધામને પામ્યા છે. આવા આ મહમંત્રનું શ્રીહરિની મૂર્તિ સાથે જપ કરીએ એ જ આપણી સાચી મૂડી છે.

# સેવાનો મહિમા

❖ લિ. સાધુ ચન્દ્રપ્રસાદદાસજી ગુરુ પુરૂષોત્તમચરણદાસજી (પાટીલ સ્વામી), વડતાલ વિ. અભ્યાસ - શ્રી લક્ષ્મીનારાયણ દેવ સંસ્કૃત મહાવિદ્યાલય - વડતાલ

ગતાંકથી ચાલુ.....

"દાસી થઈ રહેજે તું દીન દયાળની
નિચી ટેલ મળે તો માને ભાગ્ય જો ।
ભવ બ્રહ્માદિક ને નિશ્ચે મળતી નથી
પુરૂષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો ॥

સાંભ.. (સ. ગુ. મુક્તાનંદ સ્વામી)

ભવ બ્રહ્માદિક દેવોને પણ આ પુરૂષોત્તમ નારાયણની નાનામાં નાની સેવા મળતી નથી તે સેવા જો તમને મળે તો મોટા ભાગ્ય માન જો. આવો અદ્‌ભુત સેવાનો મહિમા છે.

જેમ કે માણસ કેટલુ ધન કમાય છે તે મહત્ત્વનું નથી, પરંતુ કમાયેલા ધનનો શું ઉપયોગ કરે છે તે મહત્ત્વનું છે.

માણસ કેવું ખાય છે તે મહત્ત્વનું નથી, પરંતુ ભૂખ્યાને કેટલું ખવડાવે છે તે મહત્ત્વનું છે.

માણસ કેટલું જાગ્યો તે મહત્ત્વનું નથી, પરંતુ બીજાને માટે કેટલું જાગ્યો તે મહત્ત્વનું છે.

માણસ લાખો રૂપિયા પોતાના પરિવાર માટે વાપરે છે તે મહત્ત્વનું નથી, પરંતુ ધરતીકંપ કે વાવાઝોડામાં પડી ગયેલા ગરીબોના કેટલા મકાન ઉભા કર્યા તે મહત્ત્વનું છે.

માણસ પોતાના પુત્રોને ભણાવવા માટે હજારો રૂપિયા ખર્ચે તે એકલું મહત્ત્વનું નથી, પરંતુ ગરીબોના બાળકોને ભણાવવા માટે કેટલા રૂપિયા વાપરે છે તે મહત્ત્વનું છે.

"યહી પશુ પ્રવૃત્તિ હૈ, કી આપ હી આપ ચરે;
વહી મનુષ્ય હૈ જો ઔર પ્રાણી કે લીયે મરે."

આપણા વેદ પુરાણો અને શાસ્ત્રોમાં સેવાનો અનેરો મહિમા વર્ણવવામાં આવ્યો છે. શાસ્ત્રોમાં વાવ, કૂવા કે તળાવ ગળાવવા, ધર્મશાળા કે પાઠશાળા બંધાવવી, ચોરા, ચબુતરા, દવાખાના કે મંદિરો બંધાવવા, સદાવ્રતો દ્વારા અન્નદાન, વસ્ત્રદાન કે એવા અનેક પ્રકારનાં ઉત્થાનના કાર્યો કરવામાં આવે તેવી સેવાઓને સમાજ સેવા કહેવામાં આવે છે.

સેવાથી જ વિદ્યા પ્રાપ્તિ થાય છે. આ વાત આપણા ઉપનિષદમાં ઠેર-ઠેર ગવાઈ છે. આરુણિ, ઉપમન્યું, સત્યકામ, જાબાલિ વગેરે ગુરુ સેવાના આદર્શ પાત્રો છે. જેમણે ગુરુ વચને જીવનને ન્યોછાવર કર્યું. ગાયો ચરાવવી, સમિધ લાવવા, વાસીદું કરવું, ખેતીકામ કરવું. આ ઉપરાંત આશ્રમની નાની-મોટી સેવા પણ તેઓ કરતા. શ્રીકૃષ્ણ, બલારામ, શ્રી રામ અને લક્ષ્મણ વગેરે ઋષિઓના આશ્રમમાં વિદ્યાપ્રાપ્તિ માટે રહ્યા હતા ત્યારે ઉપરોક્ત બધી જ સેવા કરતા. કારણ કે, ગુરુની આજ્ઞાનું પાલન કરવાથી જ બ્રહ્મજ્ઞાન મળે છે અને આ લોકની વિદ્યાઓ પણ વરે અને બધી રીતે તે નિપુણ બને છે. બાણભટ્ટ કહે છે કે, કોઈના પણ ગુણ દોષ જોયા વગર નિઃસ્વાર્થ ભાવે સેવા કરે તે સજ્જન અને સાધુ પુરુષ છે. કીરાતાર્જુનીયમાં કવિ ભારવી કહે છે કે, પોતે દુઃખો વેઠીને બીજાની જે સેવા કરે છે તે સાચો સેવક છે અને તે જ પરોપકારી છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનો પણ સર્વજીવહિતાવહ શિક્ષાપત્રીના ૧૩૯માં શ્લોકમાં સેવા ઉપર ભાર મુક્તા કહે છે કે,

ગૃહસ્થ હોય તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે મનુષ્ય હોય તેમની જેસેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. આમ, સેવાને સુખી સંસારની જડીબુટ્ટી ગણવામાં આવી છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ આજનો સમાજ જો વર્તે તો ઠેર-ઠેર વૃદ્ધાશ્રમો ખોલવા ન પડે. જનરેશન ગેપ કદી ઊભી ન થાય. શ્રી સ્વામિનારાયણ ભગવાને માત્ર બીજા ઉપદેશકોની જેમ માત્ર ઉપદેશ જ નથી આપ્યો. પરંતુ પોતાના જીવનમાં અનેક સેવકરામ જેવા રોગાતુરોની સેવા કરી છે. તથા જ્યારે જ્યારે અતિવૃષ્ટિ-દુષ્કાળ-ધરતીકંપ આદિ કોપ થતા ત્યારે સ્વયં પોતે અડધી રાત્રીએ જઈને સેવા કરી છે.

એક વખત સારંગપુરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન બિરાજમાન હતા. ત્યારે ચોમાસાનાં દિવસો હોવાથી વરસાદ મુશળધાર વરસતો હતો. મધ્યરાત્રિ થઈ હતી. શ્રીજી મહારાજ ઢોલિયામાં પોઢ્યા હતા. એકાએક તેમના કાને ચીસ સંભળાણી, "કોઈ દોડો, દોડો, અમને બચાવો, બચાવો... આ ઢોર બધાં પીલાઈ જશે. આ મારા ઘરનો મોભ હમણાં તૂટશે અને મારાં છોકરાં પીલાઈ જશે !" એ શબ્દોમા મૃત્યુના એંધાણ હતાં. મહારાજ એકદમ ઊઠ્યા. બ્રહ્મચારી જાગી ન જાય તેથી ધીરે રહીને ઘરની બહાર નીકળ્યા. જે દિશામાંથી ચીસ સંભળાણી હતી તે તરફ મહારાજ દોડ્યા. થોડીવારમાં તો મહારાજ સ્થળ ઉપર પહોંચી ગયા.

શ્રીજી મહારાજ ઘરમાં પ્રવેશ્યા અને જોયું તો ઘરનો મોભ પડું પડું થઈ રહ્યો હતો. તેમણે તરત જ તોતિંગ મોભ કે જે દશ-પંદર માણસના સામટા બળથી પણ ન ઉંચકી શકાય તે એક હાથે ઊંચક્યો અને પોતાના ખભા ઉપર ટેકવી દીધો. લાખો પટેલ તથા દેવો પટેલ તો આ જોઈ રહ્યા. શ્રીજી મહારાજે તેમને કહ્યું "ભાઈ ! તમારા ઢોર બહાર કાઢી લો, આ ઘર આખું મોભને આધારે ઊભું છે, હમણાં તૂટીને જમીન ઉપર પડી જશે." તેમણે મોભ નીચે દબાયેલાં ઢોરને ખીલેથી છોડીને બહાર કાઢ્યા, બૈરા-છોકરાંને પણ બહાર લઈ લીધા. મહારાજે જોયું કે બધા બહાર નીકળી ગયા. તરત જ ઘર છાપરા સાથે ભયંકર તટાકો કરતું નીચે પડ્યું.

શ્રીજી મહારાજ ત્યાંથી નીકળી ગયા અને જીવા ખાચરની મેડીએ પોતાનો ઉતારો હતો ત્યાં આવી પલંગમાં પોઢી ગયા. થોડીવારે વરસાદ ધીમો પડી ગયો.


સવારે બ્રહ્મચારી મહારાજને સ્નાન કરાવતા હતા તે વખતે તેમણે મહારાજના જમણા ખભા ઉપર ઉંડો કાપો પડેલો જોયો. એટલો ભાગ શ્યામ થઈ ગયો હતો. તેમણે પુછ્યુ, "મહારાજ, આ ખભે આટલો ઊંડો કાપો કેમ પડી ગયો ?" મહારાજે રાત્રે બનેલી હકીકત કહી. તે સાંભળી બ્રહ્મચારીએ કહ્યું, "અમે શું મરી ગયા'તા. તમને જગાડવા રહું ત્યાં તો તેનાં ઢોર સાથે ઘરના બધાં જ માણસોને મોત આંબી જાય.' બ્રહ્મચારીએ કહ્યું કે, 'પણ દેવો પટેલ તો બીજા પંથનો છે. એ કયાં આપણો ભગત છે ?" એ ખરું, પણ એણે બચાવવા માટે સાદ કર્યો એટલે અમારે જવું જોઈએ ને !" કોઈપણ જીવને મુશ્કેલી આવી હોય તો આપણે જાતે જઈને બને તેટલી સહાય કરવી જોઈએ. સેવા કરવામાં આપણો છે ને આ પારકો છે એવું કદી હોય નહીં. આવા તો અનેકાનેક પ્રસંગો શ્રી સ્વામિનારાયણ ભગવાનના જીવનમાંથી જોવા મળે છે.

અરે ! જ્યારે ગઢપુરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન મંદિર બંધાવતા હતા ત્યારે સ્વયં પોતે પોતાના માથા ઉપર પથ્થર ઉપાડીને મંદિરના કાર્યમાં સેવા કરતા.... તેમની પાસે અનેક સંતો-હરિભક્તો પથ્થર ઉપાડનારા હતા છતાં બીજા ઈત્તરજનોને સેવાની રીત શીખવાડવા જાતે સેવા કરતા. સેવા કરવામાં કોઈ દિવસ નાનપ ન રાખવી. જે સેવા કરવા નમે છે તે જ સૌને ગમે છે અને ઉંચા પગથીયે ચઢી શકે છે.

અર્થાત્ આપણે હંમેશા થાય તેટલી બીજાની સેવા કરીએ અને આ સેવા કરવામાં માન, ઈર્ષા ને ક્રોધ એ ત્રણ દોષ ન આવી જાય તેનું સતત અનુસંધાન રાખીએ. અને આવી સેવા પણ નિઃસ્વાર્થભાવે ભગવાનની પ્રસન્નતાને અર્થે થાય તો તેના જેવું બીજું કોઈ સર્વોત્તમ સાધન નથી.

# સ્નેહ ગીતા

❖ લિ. સાધુ મુક્તપ્રકાશદાસ ગુરુ શાસ્ત્રી ધર્મપ્રસાદદાસજી (વડતાલ) વિ. અભ્યાસ - શ્રી લક્ષ્મીનારાયણ દેવ સંસ્કૃત મહાવિદ્યાલય - વડતાલ



ગતાંકથી ચાલુ.....

નિષ્કુળાનંદ સ્વામી સ્નેહ ગીતામાં કહે છે કે,

''સ્નેહ કથા હવે સુણો સહુ બહુ પ્રકારે મેં પેખિયું;

અર્થ : - જપ કરે તપ કરે, તીરથ કરવા જાય, જગન કરે પણ જો ભગવાનમાં પ્રેમ ભાવ નથી, તો તે સર્વે સાધન વૃથા છે. શાકમાં ઘણો મસાલો હોય, પણ મીઠું ભૂલી ગયા હોઈએ, તો શાક ફિક્કું લાગે છે. તેમ પ્રભુ વિનાની ભક્તિ અને ડહાપણ પણ ફિક્કું છે.

સ્ત્રીમાં રૂપ હોય, ઘણા ઘરેણા પહેર્યા હોય અને જો પ્રભુમાં સ્નેહ કે ભક્તિ ન હોય તે રૂપ શા કામનું એટલે નિષ્કુળાનંદ સ્વામી દાખલો આપે છે.

કોઈ દાન દે, કોઈ નવધા ભક્તિ કરે પૂજા, પાઠ, સત્સંગ સમૈયા બધું જ કરે, પણ ભગવાનને વિશે ગાઢ પ્રીતિ ન હોય તો તેનો કોઈ અર્થ રહેતો નથી.

જેમ કે ભોજન સરસ બનાવ્યું હોય, પણ અંદર ઘી ન હોય, સાવ કોરું હોય, શીરો બનાવો પણ તેમાં ઘી ન નાખો તો કેવો થાય ? સારો ન લાગે. ખાણ જેવો લાગે. તેમ પ્રભુ પ્રેમ વિનાનો સત્સંગ લૂખો ને સૂકો છે.

જેમ જીવ વિનાનો દેહ નકામો છે. તેમ પ્રભુ પ્રેમ વિના બધું નકામું છે. ખરાબ જમીનમાં વસેલો વરસાદ જેમ ફોગટ જાય છે અને વરસાદ વિના ગમે તેવી સારી જમીનમાં પણ કાંઈ થઈ શકે નહિ. તેમ પ્રભુ વિના ભક્તિ રૂપી ફળ થતું નથી, બળ આવતું નથી. માટે દિન પ્રતિદિન પ્રભુમાં પ્રેમ વધે તેમ કરવું.

માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

''નીર વિના જેમ સુકું સરોવર, સુગંધ વિનાના ફુલ;

તેમ સ્નેહ વિના સુનું હૃદય, શું થયું હવે છે ચંડુલ.''

અર્થ : - મોટું સરોવર હોય, અને તેમાં પાણી ન હોય તો તેનાથી કોઈને ફાયદો થતો નથી, ફુલ સરસ હોય, તાજુ હોય પણ જો અંદર સુગંધ ન હોય તો શું કામનું, ખાલી દેખાવ પુરતાં, પ્લાસ્ટીકનાં હોય. તેમ સુનું હૃદય જેમનું

હોય, કથા, કીર્તન સાંભળતાં આનંદ ન આવે. પ્રભુ ભક્તિ કરતાં હૃદય ગદ્‌ગદિત ન થાય, અંતરમાંથી ઉત્સાહ ન જાગે, મહિમા સહિત ભક્તિ ન હોય તો તે ભક્તિ સુગંધ વિનાના ફુલ જેવી છે. ખાલી ખમ સરોવર જેવી કહેવાય. પ્રેમ વિનાની ભક્તિ લૂખી છે. લૂખી ભક્તિથી કાંઈ ન વળે, માટે ભાવભીની ભક્તિ કરવી.

'રે શ્યામ તમે સાચું નાણું' આ ગોખેલું બોલી જઈએ તો કદાચ એ કીર્તન ભક્તિ મંદિર સુધી પહોંચશે, પણ પરમાત્મા સુધી નહીં પહોંચે. પરમાત્મા સુધી ભક્તિ પહોંચાડવી હોય તો ભક્તિથી સાથે હૈયું જોડાવું જોઈએ. ભક્તિમાં ભાવ નહિ હોય તો વિદ્વાન હશે તો પણ અધોગતિને પામશે. આવું શ્રીજી મહારાજ શિક્ષાપત્રીમાં બોલ્યા છે.

અર્થ :- શ્રી કૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી.

હૈયામાં ભગવાન તરફ ખેંચાણ નહિ હોય તો એ લૂખી ભક્તિમાં મજા નહિ આવે. સારા ગુણ હશે, ઘણા ભણેલા હશો, અઢાર પુરાણ કઠંસ્થ હશે, બ્રહ્મચર્ય પાળતા હશો, પણ પ્રભુમાં પ્રેમ નહિ હોય તો તેનું ફળ શું ? કાંઈ જ નહિ ! તમારી વાડીમાં ઘણા બધા આંબા હોય પણ તેમાં ફળ ન આવે તો ! આંબા શું કામના ? પાંદડા અને ડાળખીને બચકા ભરવાથી રસ ન મળે ! ફળ થાય તો જ કામના.

જો પ્રભુમાં પ્રેમ વિશ્વાસ અને નિષ્કામ ભક્તિ હોય તો તે પ્રભુની સાથે રહેલી આપણી ભક્તિ સ્નેહ પ્રેમ તે સુખ રૂપી ફળ પ્રાપ્ત થાય છે.

સુખની ચાવી શ્રીજી મહારાજ બતાવે છે. શ્રીજી મહારાજ કહે છે, નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ જેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી.

"પ્રિતે ચિત ચરણે સોંપી અને સ્નેહ સાચો જે કરે;
નિષ્કુળાનંદના નાથ સાથે, સ્નેહી ને સદા સંગે ફરે;"

અર્થ :- પ્રભુ પ્રેમ વગરનું જીવન નિર્થક છે, તમારી પાસે કાંઈપણ ન હોય પણ પ્રભુ પ્રેમમાં અંતર ભરેલું હોય તો પછી બીજા કોઈ પણ ચીજની આપણે પરવા રહેતી નથી. બીજું ઘણું હોય પણ પ્રભુ પ્રેમ અંતરમાં ન હોય તો તેના આત્માને કદી પણ શાંતિ હોતી નથી. પ્રભુ પ્રેમ વગરના માણસને કર્મયોગ અધિકાર, ધન, રૂપ, માન વિગેરે મળી જાય પણ તેથી શું ? પ્રભુ પ્રેમ વિના એ બધું ઊલટું બંધનકારક થઈ પડે છે.

રાત દિવસ માયાની જ વાતો કરશો તો હૃદયમાં માયા ભરાશે. તમે જુઓ આ જગતની અંદર નજર આગળ દેખાય છે. શેઢીયાની કારખાનાની તિજોરીની ચાવી તેના પગારદાર માણસ પાસે હોય છે. તેથી તે તિજોરીનો માલિક થઈ શકતો નથી. તેમ તમારી પાસે ખૂબ સંપત્તિ કે સંતતિ હશે તો પણ પ્રભુ પ્રેમ વિના કાંઈ તમને કામ લાગવાનું નથી.

પ્રભુ પ્રેમ વિના કોઈ આપણા આત્માનો ઉદ્ધાર થઈ શકતો નથી. માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે. "જેમ બને તેમ તમે ભગવદ્ સ્વરૂપનો પ્રેમ હૃદયમાં ભરાય તેમ કરવું, પણ માયાનો મેલ ભરાય તેમ ન કરવું. એ જ આ કથાનો ભાવાર્થ છે. ભગવાનના ગુણ ગાવાથી હૃદયમાંથી વિકાર નીસરી જાય છે.'

કૃષ્ણ કૃષ્ણ કહેતાં મુખે વયુ વિકારને વિસરે.

આ પ્રેમની પરાકાષ્ટા છે. ભગવાનનાં ગુણ ગાતાં ગાતાં રોમાવલી ખડી થઈ જાય ને નયણે નીર વરસવા લાગી જાય તે સાચી ભક્તિ છે.


માયામાં બહુ જ રચ્યા પચ્યા રહેશો, અને રાત દિવસ માયાની જ વાતો કરશો તો મેલ ભરાશે અને માયાપતિ પુરૂષોત્તમ નારાયણમાં રચ્યા પચ્યા રહેશો તો રાત દિવસ પુરૂષોત્તમ નારાયણની ભક્તિમાં લાગ્યા રહેશો, તો પ્રભુ પ્રેમથી હૃદય ભરાશે.

"સ્નેહની મૂર્તિ સુંદર શ્યામજી
પ્રેમ કરી પ્રગટ્યા ગોકુળ ગામજી."

(ક્રમશઃ)

# જાકુ દેખે છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ

- ચંદુભાઈ કાશીભાઈ પટેલ, મુ. રોપા



વર્ષાઋતુની એક સુંદર સાંજે બે સંન્યાસી પોતાના આશ્રમતરફ જઈ રહ્યા હતા. રસ્તે ચાલતાં તેમણે વચ્ચે એક ખેતરના ખૂણે એક ચાડિયો (ઓડો) જોયો. તેમાં એક સંન્યાસી બોલી ઉઠ્યા : ''અરે, જ્યારે જ્યારે આ રસ્તે જતો હોઉં, ત્યારે આ જ ચાડિયો ઉભેલો દેખાય છે.'' ચાડિયો એટલે શું ? ખેડૂતો ખેતરમાં ખેતરની રક્ષા માટે માણસ જેવા આકારનો વેશ પહેરાવેલ ઓડો ઉભો કરે છે. એક જાડી ઊભી લાકડી જોડે બીજી આડી લાકડી બાંધી કાંસ જેવો આકાર કરી, ઉભી લાકડીના મથાળે માટીની હાંડલી મૂકી માથાનો દેખાવ કરે ને જૂના કપડાં પહેરાવે. આ થયો ચાડિયો કે ઓડો.

બંને સંન્યાસી મહારાજ વિચાર તરંગમાં ડૂબી ગયા. જ્યારે જ્યારે જતાં-આવતાં જોઈએ તો આ ચાડિયો એક જ સ્થિતિમાં ખેતરમાં ઉભેલો દેખાય છે. એનું મુખ જે દિશામાં પહેલીવાર જોયેલું તે જ દિશામાં આજે પણ છે. એના વેશમાં પણ સહેજેય ફરક નથી. આ તો બિચારાની કેવી દશા ! દશા શું આ તો આકરી સજા ! એક જ સ્થિતિમાં ઉભા રહેવાનું. એમાંય વળી માથે ખુલ્લુ આકાશ અને નીચે ધરતી. ગમે તેટલી કડકડતી ઠંડી પડે કે બળબળતો તાપ પડે તોય એને સહન કરવાનું. મૂશળધાર વરસાદ કે પવનનું તોફાન હોય તોય ન બોલવાનું. ન ચાલવાનું, વળી માથુ માટલીનું હાથમાં એ જ લાકડી અને એ જ ઝભ્ભો પણ.

સંન્યાસીઓનાં હૃદય દ્રવી ઊઠ્યાં. ચાડિયા પાસે ગયા અને બોલ્યા, 'અરે ભાઈ ! તારી આ દશા ! તારા જેવી દશા તો દુશ્મનની પણ ન હોય. પણ તારે આમને આમ જ વગર પગારે, ખાધ્યે પીધ્યે વગર, ખડે પગે ચોકી કરતા રહેવાનું ? સાચે જ તને આવા જીવનથી કેટલો બધો ત્રાસ થતો હશે ? કંટાળો આવતો હશે ? તેના વિચારથી અમે ધ્રૂજી ઉઠીએ છીએ.'

ચાડિયાએ કહ્યું, 'ઓહ, મહારાજ તમે ય સમજ્યા નહિ. મને તો આમાં ખૂબ મજા આવે છે. ભલભલાને હું ડરાવું છું, મારાથી કોઈ ડરીને ભાગે એ જોવામાં મને બસ આનંદ, આનંદ ને આનંદ છે. કોઈ ડરે, કોઈ નાસે, ધ્રૂજે, દોડતાં અથડાય ને ગબડી પડે તો જોવાની ભારે મજા આવે છે. બીજી કોઈ વાત વિચારવાનો સમય જ મળતો નથી. ન ઠંડી લાગે, ન ગરમી અકળાવે. ન વરસાદની હેલી નડે. ડરાવવાની આવી મજા છે.

આજના માનવમાં અને ખેતરમાં ઉભેલા ચાડિયામાં કોઈ અંતર રહ્યું નથી.

વેશમાં બંનેમાં માણસનો દેખાવ જરૂર છે. પણ ધર્મમય જીવન-સદાચારમય જીવન એકેયમાં નથી. આ તો શાહુકારના વેષમાં સજ્જ થયેલ ચોરને ઓળખવો મુશ્કેલ છે. ખેતરમાં ઉભેલો ચાડિયો માણસના વસ્ત્રો પહેરી આખા ખેતરોમાં હકુમત ચલાવતો હોય અને હું માણસ છું, લોકોને ડરાવું છું, એમ માણસ બન્યાનો વહેમ-આડંબર સેવતો હોય છતાં તેનામાં રહેલો 'ચાડિયાપણાનો' છેદ ઉડી જતો નથી. 'ચાડિયાપણું' છૂટે તો જ 'માણસપણું' આવે. બીજું આજના માનવીમાં મનમાં એક, વચનમાં બીજું અને વર્તનમાં ત્રીજી જ વાત રાખી વ્યવહાર કરે છે. બીજાને છેતરશે, પીડા આપશે, ડરાવશે. ત્રાસ આપી દગાથી મારી પણ નાખશે. એટલે તો

શ્રીજી મહારાજે તો વચનામૃતમાં પણ ચોકખુ કહી દીધું કે, સાચી માનવતા ને સદાચારી જીવન જીવી જાણે એવા સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ. આના અનુસંધાનમાં એક કવિએ પણ ઠીક કહ્યું છે કે,

**દેશ દેશાંતર બહુત ફિરા, મનુષ્યકા બહોત સુકાળ**
**જાકુ દેખે છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ.**

આ જમાનામાં બગલા, કાગડા, હંસ ને કીડીઓનાં ટોળે ટોળાંની જેમ બનાવટી માનવીઓની ખોટ સાલતી નથી. ટોળે ટોળાં જોવા મળશે. શુદ્ધ પ્રામાણિક જીવન ને ઉચ્ચ વર્તન સહુને આકર્ષે છે. જેને જોતાં છાતી ઠરી જાય. હાશ...એમ બોલાઈ જાય એવા વર્તનશીલ માનવીની અછત વર્તાય છે. યાને એવા માનવીનો દુકાળ હોય એમ સાલે છે. સાચા ભક્તની ઓળખાણ સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ 'કલ્યાણ નિર્ણય'માં જણાવી દીધું છે.

**સાચા ભકતથી ઓળખાણ રે, કહું સાંભળ્ય જો સુજાણ રે**
**શુદ્ધ અંતર ને શુદ્ધ આશે રે, શુદ્ધ મને પ્રભુને ઉપાસે રે**
**નિષકામકપટે રહિત રે, શુદ્ધ ભાવ શ્રદ્ધાએ સહિત રે**
**યશ કીર્તિ વધારવા લાજ રે, નહિ દંભ દેખાડવા કાજ રે**
**નહિ ઇર્ષા ને અમરષ રે, નહિ સ્પરધા થાવા સરસ રે**

**દુર્ગુણી માનવીની ઓળખાણ**

**મન ફાવતી મોજો કરી, ધન વેડફ્યુ જન રંગમાં**
**તનનું બહુ કર્યું જતન, જનમાં જશ તણી છે ઝંખના**
**મોટાઇ મેળવવા હંમેશાં સાચવી મર્યાદ છે.**
**પણ સદ્ગુણો નવ સંગ્રહ્યા તો એ બધુ બરબાદ છે.**

**ગ્રાહકો માટે ખાસ નોંધ**

શ્રી વડતાલધામ સત્સંગ માસિકના જે ગ્રાહકોના સરનામા બદલાયા હોય અથવા બદલવાના હોય તેમણે જે તે સમયે માસિક કાર્યાલય પર રૂબરુ,પત્ર અથવા ફોન પર સંપર્ક કરી દર મહિનાની તા-૩૦ સુધીમાં ગ્રાહક નંબર જણાવી સુધારો કરાવવો. જે ગ્રાહકોનું વાર્ષિક લવાજમ પુરુ થતું હોય તેમણે આગળના અંક મેળવવા માટે સત્વરે લવાજમ ભરી દેવું.

# અંકના ગ્રાહક બનો અને બનાવો

# અંક વાંચો અને વંચાવો

# "કેવા શોભે છે મહારાજ મારી ડગલીમાં !!"

- શ્રી કે. એન. શાસ્ત્રી, વડતાલ



સુરતના એક દરજી ભાવનગરમાં રહે. નામ આત્મારામ. આત્મારામ દરજીને શ્રીજી મહારાજ પર ખૂબ ભાવ. શ્રીહરિ ઉપર એટલી આત્મીયતા કે આંખો બંધ કરે કે મહારાજની મૂર્તિ પ્રત્યક્ષ દેખાય. મહારાજનું નામપડતાં ઓળઘોળ થઈ જાય. દરજી કામ કરીને વ્યવહાર નિભાવે. હાથ કામ કરે ને હોઠ ઉપર મહારાજનું નામ રમતું હોય.

એક દિવસ વિચાર આવ્યો કે, 'મહારાજના ચરણમાં ધરવા જેવું મારી પાસે બીજું તો શું છે ? જે છે તે મારી આંગળીઓની કળા છે. મારી એ કળા હું શ્રીજી મહારાજનાં ચરણોમાં સમર્પિત કરું ને કૃતાર્થ થાઉં !

બસ, શ્રી સહજાનંદ સ્વામી મહારાજ માટે એણે સુંદર ડગલી સિવવાનો સંકલ્પ કર્યો. એ માટે રાત-દિવસ મહેનત કરીને એણે એક અતિ સુંદર ડગલી તૈયાર કરી. ડગલીમાં કિંમતી જરીનું સુંદર ભરતકામકર્યું, સોનેરી વેલ બુટ્ટા મૂક્યા ને એવી મનોહર બનાવી કે જોયા જ કરીએ ! પછી એક દિવસ સાષ્ટાંગ દંડવત પ્રણામકરી એણે એ ડગલી મહારાજને સમર્પિત કરી.

ડગલી જોઈને મહારાજ ખુશ થઈ ગયા. કલાકારીગરી પર મહારાજને ખૂબ પ્રેમહતો. ચિત્રકલા, શિલ્પકલા, કાવ્યકલા એવી જ આત્મારામ દરજીની આ સીવણકલા !

મહારાજે તરત જ ડગલી અંગ પર ધારણ કરી, બિલકુલ બરાબર ! નહિ નાની નહિ મોટી ! નહિ લાંબી નહિ ટૂંકી ! જાણે બરાબર માપ લઈને ન બનાવી હોય ! મહારાજ બોલ્યા 'આત્મારામ! ડગલી ફક્કડ બનાવી છે ! અમને એ બહુ ગમી છે. માગો, માગો તે આપીએ.'

આત્મારામે હાથ જોડી કહ્યું, 'મહારાજ માગું આપનાં ચરણમાં આશ્રય ! એ સિવાય બીજું કાંઈ ન જોઈએ.' મહારાજે હસીને કહ્યું, જેવી ડગલી કિંમતી છે તેવી તમારી માગણી પણ મહાન છે. પણ તમે અમને રાજી કર્યા છે તો અમેય તમને રાજી કરીએ છીએ. જાવ તમે જે માંગ્યું તે અમે આપ્યું.'

આત્મારામ દરજીએ ફરીથી દંડવત કર્યા. હેતભાવથી સીવેલી ડગલીના બદલામાં પરમાત્માએ 'પરમસુખ'ની લ્હાણી કરી દીધી !

ત્યાં વળી કોઈ એક હરિભક્તે પૂછયું, 'આત્મારામ! એ તો કહો, તમે આ ડગલીનું માપ ક્યારે લીધેલું ?'

આત્મારામે મહારાજની સન્મુખ જોઈ ઉત્તર આપ્યો, 'આ

મૂર્તિ તો મારા રોમે રોમમાં વસી ગઈ છે. આંખો બંધ કરું કે મહારાજ દેખાય ! તે વખતે માપ લઈ લઉં છું. કેટલીય વખત ડગલી સીવતા સીવતાં મેં એમને અંગ પર એ ઓઢાડીને જોઈ છે ! કેવા શોભે છે મહારાજ મારી ડગલીમાં !!'

બોલતાં બોલતાં આત્મારામની આંખો બંધ થઈ ગઈ ને એ અંતરમાં ડગલી પહેરીને બિરાજેલા મહારાજનાં દર્શન કરતો રહ્યો. આત્મારામ જાણે નિર્વિકલ્પ સમાધિમાં સરી પડ્યો ! સભામાં બિરાજેલા સૌના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા 'ધન્ય ડગલી ! ધન્ય દરજી !'

પછી તો આખા નગરમાં વાત ફેલાઈ ગઈ કે આત્મારામદરજીએ મહારાજને જેવી ડગલી સીવી આપી છે એવી તો ક્યાંય કદી કોઈના જોવામાં આવી નથી. શું અદ્‌ભુત ડગલી છે ! વાત વહેતી વહેતી ભાવનગરના મહારાજ વજેસિંહના કાને આવી.

રાજા કહે, 'એવી કેવી ડગલી છે ? મારે એ જોવી.' એમણે સેવકને મોકલી મહારાજને વિનંતી કરી કે 'મારે આપની એ અદ્‌ભુત ડગલી જોવી છે.'

શ્રીજી મહારાજે એ ડગલી રાજાને જોવા માટે મોકલી. રાજા ડગલી જોઈને મુગ્ધ થઈ ગયા : વાહ ! સુંદર કામકર્યું છે, મને કોઈ આવી જ ડગલી સીવી આપે તો સો સોનામહોરો આપું.'

એમણે દરબારી દરજીને બોલાવ્યો. દરબારી દરજીએ ડગલી જોઈને એની આંખો અધ્ધર થઈ ગઈ ! એણે તરત જ રાજાને કહ્યું, 'મહારાજ સાહેબ, આવી ડગલી મારાથી નહિ સીવાય ! જરીના આવા વેલ બુટ્ટા ને આવું ભરતકામ મને નથી આવડતું.' વજેસિંહ તો હતાશ થઈ ગયા. ત્યાં દરબારી દરજીએ કહ્યું, જેણે આ ડગલી સીવી છે એને જ કહો, એ જ આવી ડગલી સીવી શકશે.'

મહારાજાએ આત્મારામ દરજીને તેડાવ્યો. એને ખૂબ માનપાન આપીને બેસાડ્યો ને પછી પેલી ડગલી બતાવી કહ્યું, મને આવી એક ડગલી સીવી આપો ! તમને મોં માંગ્યું ઈનામઆપીશું.'

આત્મારામદરજીએ શાંત સ્વસ્થ અવાજે કહ્યું, 'માફ કરજો મહારાજ, નાને મોંઢે મોટી વાત કરું છું પણ વાત એમછે કે એકલી કલાકારીગરીથી આવું કામ નથી થતું. એમાં કારીગરી ઉપરાંત કંઈક ઉમેરવું પડે છે !'

રાજાને વાતમાં રસ પડ્યો. એમણે કહ્યું, શું ઉમરેવું પડે ? આત્મારામે કહ્યું, હેત અને ભક્તિ ! સ્વામી સહજાનંદજી મહારાજની આ ડગલી સીવી એમાં તો મેં હેતના ટેભા લીધા છે. બીજી ડગલી સીવવા એવું હેત ક્યાંથી લાવું ?' આટલું બોલી આત્મારામ ચૂપ થઈ ગયો. મહારાજનું નામલેતાં જ એ ગળગળો થઈ ગયો હતો.

મહારાજ વજેસિંહ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં હેતવાળા હતા. શ્રીહરિનો મહિમા તેઓ બરાબર સમજતા હતા. આત્મારામનો સમગ્ર આત્મા પરમાત્મા શ્રીહરિમાં એકાકાર થઈ ગયો છે. એ એમણે પ્રત્યક્ષ જોયું. એ સમજી ગયા કે, આત્મારામ તો મહારાજનો ભક્ત છે. એટલે એને શ્રીજી મહારાજ ઉપર સ્નેહ હોય એવો મારા પર ક્યાંથી હોય ? હું મારા પૂર્વજન્મોના પુણ્યે રાજા થયો છું, તે સિવાય મારા પર ભાવ થાય એવું મારામાં શું છે ?

એમણે આત્મારામને કહ્યું, 'આત્મારામ, તમારી વાત સાચી છે. શ્રીહરિ માટે જે ડગલી તમે સીવી છે એવી બીજી ડગલી સીવાય નહિ. સીવવાનું કહેવાય પણ નહિ ! કારણ એ ડગલીનો પહેરનારો પુરૂષ અદ્વિતીય છે ! એની ડગલી પણ ભલે અદ્વિતીય રહી !'

થોડીવાર અટકી વજેસિંહ રાજાએ કહ્યું, 'અને આવી અદ્‌ભુત ડગલી સીવનારો દરજી પણ મારા રાજ્યમાં અદ્વિતીય છે. એની કલાની યોગ્ય કદર કરવી એ રાજા તરીકે મારો ધર્મ છે.

આત્મારામ કહે, મહારાજની ડગલી સીવવાનું ઈનામ મારાથી ન લેવાય !

'મહારાજની ડગલી સીવવાનું નહિ, મારી ડગલી નહિ સીવવાનું હું તમને ઈનામ આપુ છું.'

પછી વજેસિંહ રાજાએ આત્મારામને ભારે મોટું ઈનામ આપી એમનું બહુમાન કર્યું.

રાજાએ આત્મારામને ભારે મોટું ઈનામ આપ્યું એ જાણીને શ્રીજી મહારાજ વજેસિંહ રાજા ઉપર ખુશ થયા. આવો હોય ભગવાન અને તેના ભક્તનો પ્રેમ.

# 'માણકીએ મહારાજ સાથે રૂસણાં લીધા ?' સખી

◆ સ્વા. સંતબાળદાસજી, ગુ. પુ. સ્વા. કૃષ્ણજીવનદાસજી (અથાણાવાળા)-વડતાલ.



જૂના જમાનામાં મુસાફરી માટે સૌથી સરસ અને વેગવાન વાહન ઘોડાનું ગણાતું. તેમાં પણ કાઠિયાવાડમાં ઘોડા ખૂબ વખણાતા. રોઝા, મેલા, મજીઠા, માકડા વગેરે ઘોડાની જાતો પ્રખ્યાત હતી. ફુલમાળ હીરાળ, રોઝી, કેસર, બેરી, બોંદલી, પાખાણી, કેડી વગેરે જાત-જાતની ઘોડીઓ કાઠિયાવાડનું ઝળકતું જવાહીર ગણાતી.

ભલે ગમે તે હોય પણ ઘોડીઓના ઈતિહાસમાં શ્રીજી મહારાજની માણકી જેવી કોઈ ઘોડી થઈ નથી અને થવાની નથી. માણકી તો ગરૂડનો અવતાર મનાય. પળવારમાં બીજા બધા ઘોડાના પાણી ઊતારી નાખનારી મહારાજની માણકી તો ગુજરાતભરમાં પ્રસિદ્ધ હતી. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં ભગવાનની આ માણકીને ભારોભાર વખાણી છે. પ્રેમાનંદ સ્વામીએ પણ ગાયું છે.

'કેસર, બેરી બોદલી ને ફુલમાળ,
તાજણ તીખી વાંગળીનો ધણો તાળ;
શોભે ઘણા વાલા લાગે છે મરાળ,
માણકીએ ચડ્યા રે મોહન વનમાળી...
માણકીનો વેગ દેખ્યો સુણ્યો કોઈ
આકાશેથી તારો ખર્યો જાણુ જોઈ
ગરૂડ લાજ લોપી માણકીએ સોઈ....
માણકીએ ચડ્યા...

મહારાજનો ઈશારો થતાં માણકી ધનુષ્યમાંથી સનનન કરતા છૂટેલા તીરની પેઠે છૂટતી આકાશમાં ઊડતા ગરૂડને પણ પળવારમાં પાછળ રાખી દેતી અને ચળકતી ચંપળાની જેમ ક્ષણવારમાં તો ક્યાંય ક્ષિતિજમાં અદશ્ય થઈ જતી. મહારાજ માણકી સાથે બેઠા હોય અને ઘોડાની ઘુમરથી ઘેરાયા હોય ત્યારે ઉચ્ચૈશ્રવા પર બેઠેલો અને દેવોથી ઘેરાયેલો દેવરાજ ઈંદ્ર પણ શરમીંદો બની જતો.

મોહનવરને મન માણકી ખૂબ જ વહાલી હતી. તો સામે માણકીને પણ મહારાજ સાથે અસાધારણ હેત હતું. મહારાજ બહાર જવાના હોય ત્યારે નાજા જોગીયા શંખલાદી પલાણ માંડી સોનેરી તારથી ગૂંથેલી લગામ ચઢાવી માણકી ઘોડીને શણગારી તૈયાર કરે અને દાદા ખાચરના દરબારગઢના ચોકમાં જ્યારે લઈ આવે ત્યારે મહારાજની રાહ જોતી માણકીના પગ ધરતી પર છબતા ન હોય. એવામાં નેતરની કુમકાવાળી સોટી લઈને આવતા મહારાજને જુએ તુરત જ હાવળો પર હાવળો દઈ આકાશમાંથી ઊતરી આવેલી અપ્સરાની જેમ માંડે નટારવ કરવા. મહારાજ પણ હેતથી માણકીને ખરેરો કરે, ચંદી ખવરાવે, ક્યારેક હેતથી 'માણકી' એમ બોલાવે એટલે તુરત સામે હાવળ દઈ હોંકારા ભણે. મહારાજની ઈચ્છા સમજીને ચાલનારી માણકી મુક્તનો અવતાર મનાતી.

મહાપ્રભુ અંતર્ધાન થયા બાદ આ ઘોડીએ ઘાસ ખાધું નહિ, પાણી પણ પીધું નહિ. આંખોમાંથી દડદડ આસુંડાઓની ધારાઓ ચાલ્યા જ કરતી. પ્રેમાનંદ સ્વામીએ માણકીની વિરહદશાનું વર્ણન કર્યુ છે.

દશરાનો દિન આવિયો રે, માણકી રૂએ મારા મીત રે.

હરિવર, આવા થયા કેમ આ સમે રે...

દશરથ રાજાએ જેમ રામવનવાસ બાદ આઠ દિવસે ઝૂરી ઝૂરીને પ્રાણ છોડી દીધા હતા તેમ આ અબોલ માણકીએ શ્રીજી મહારાજના વિરહમાં ઝૂરી ઝૂરીને અંતે પ્રાણ છોડી દીધા.

માણકી સાથે જોડાયેલા અનેક પ્રસંગો સત્સંગના ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. ગઢપુરથી શ્રીહરિને વડતાલ જવું હતું. ત્યારે લાડુબા અને જીવુબાએ માણકીની મનોવૃત્તિ હરી લીધી હતી. એ ઈતિહાસ પ્રસિદ્ધ ઘટના છે.

આશ્ચર્યજનક ઘટના તો એ છે કે પ્રેમી સ્ત્રીભક્તો અને મહારાજ વચ્ચે મીઠો સંઘર્ષ શરૂ થતો ત્યારે જો માણકીને વચ્ચે ભળવાનું થાય તો અચૂક મહારાજનો પક્ષ છોડી સ્ત્રીભક્તોનો પક્ષ લેતી આખરે એ પણ સ્ત્રી જાત તો ખરી ને ? પ્રેમીના દિલની વાત પ્રેમી સિવાય બીજો કોણ સમજી શકે ? તો ચાલો આપણે માણકીના આવા જ કોઈ અદ્‌ભુત પ્રસંગનો આસ્વાદ માણીએ.

ઝાલાવાડમાં લીંબડી પાસે દેવળીયા ગામ છે. આ ગામના દરબાર જાલમસિંહજી અને માતૃશ્રી કેશાબા મહારાજના અનન્ય ભક્ત હતા.

એક વખત ઘોડીઓની ઘુમ્મરમાં ઘેરાયેલા ઘનશ્યામ દેવળીયા પધાર્યા. જાલમસિંહજી દરબાર અને માતૃશ્રી કેશાબા મહારાજને આવતા સાંભળી હરખઘેલા થઈ ગયા. વાજતે-ગાજતે મહારાજના સામૈયા કર્યા.

હારે મારે આજે પ્રીતમઘેર આવીયા...

ભરી થાળ મોતીડે વધાવીયા જીરે....મારે

દરબારે મહારાજને દરબાર ગઢમાં પધરાવ્યા. સાથેના કાઠી અસ્વારોને યથાયોગ્ય ઊતારા આપ્યા. માણકી અને અન્ય ઘોડા ઘોડશાળમાં બાંધી દીધા. બ્રાહ્મણ બોલાવી રસોઈ તૈયાર કરાવી, મહારાજને અને અન્ય ભક્તોને ખૂબ જ સ્નેહપૂર્વક જમાડ્યા.

કેશાબા આગ્રહ કરી કરીને મહારાજને પીરસાવી રહ્યાં છે. મહારાજને જેતલપુર પહોંચવાની ઊતાવળ હતી. એટલે જમતાં-જમતાં જ જાલમસિંહજીને વાત કરી 'અમે જમીને તુરત જ જેતલપુર જવા નીકળી જઈશું.

'અરે મહારાજ ! એવી તે શી ઊતાવળ છે ? થોડા દિવસ રોકાઈને પછી જજો. કેટલા દિવસે અમને દર્શનનો લાભ મળ્યો છે. હવે જવા નહીં દઈએ.

જાલમસિંહજી આગ્રહ કરવા માંડ્યા. પણ મહારાજ કેમેય માન્યા નહિ. એમણે તો કાઠીઓને કહેવડાવી દીધું કે જમીને તુરત જ સૌ સૌના ઘોડા સાબદા કરી તૈયાર થઈ જાય.

કેશાબાએ જાલમસિંહજીને ઈશારો કર્યો. મા-દીકરો પાછળના ઓરડામાં ગયા.

જાલમસિંહજી અધીરા બનીને કહે, 'જોયુંને મા ! મહારાજ બહુ ઊતાવળ કરે છે ?'

કેશાબા કહે, મારે તને એજ કહેવું છે. કોઈપણ રીતે મહારાજને રોકવા જ જોઈએ. પણ કેમ કરી રોકાય ? ઘણો આગ્રહ કરું છું પણ માનતા નથી.

કેશાબા કહે, 'જો એમ કર્ય, હજુ મહારાજ થાળ જમે છે. આજ માણકીને પાછલે બારણેથી લાવી. આ મારા બાજુના ઉગમણા બારના ઓરડામાં બાંધી દે. પછી જોઉં છું મહારાજ કેમ જાય છે.

જાલમસિંહજીને ગળે વાત ઊતરી ગઈ. માણકીને માના ઓરડામાં સંતાડી દીધી. કેશાબાએ આંખને ઈશારે કાંઈક વાત કરી લીધી, અને કોઈને કંઈ ગંધ આવે તે પહેલાં તો પાછા મહારાજ પાસે આવીને મા-દીકરો હાજર થઈ ગયા.

અને વળી ખોટે-ખોટે આગ્રહ કરીને છેવટે એક જ રાત રોકાઈ જવા વિનંતી કરી. પણ મહારાજ માન્યા નહીં અને બોલ્યા : 'દરબાર ! વળી ક્યારેક આવીશું ત્યારે રોકાઈશું. આ વખતે તો રાજી થઈને રજા આપો.

મા-દીકરાએ ઠાવકું મોંઢું રાખી 'ભલે મહારાજ ! એમ કરો જેવી તમારી મરજી. અમારી ગરીબની વિનંતી ન સ્વીકારવી હોય તો કાંઈ નહિ. ધણીનો કોઈ ધણી છે ? આટલું બોલી કેશાબા પોતાના ઓરડા બાજું વળ્યાં તો જાલમસંગ વળાવવાની તૈયારી કરવા થોડા આઘા-પાછા થયા.

મહારાજે તુરત જ કાઠીઓને ઘોડા તૈયાર કરવાનું કહી નાજા જોગીયાને કહ્યું : 'જાઓ, જલદી અમારી માણકી લઈ આવો'

નાજો જોગીયો ઘોડશાળમાં ગયા પણ માણકી ન મળે. નાજા જોગીયાને તો ફાળ પડી. ચારેબાજુ તપાસ કરી પણ માણકી મળી નહિ. એટલે હાંફળા-ફાંફળા દોડતા મહારાજ પાસે આવ્યા.

'મહારાજ, માણકી મળતી નથી !'

મહારાજ ચમક્યા : હેં ! શું કહો છો ?

મહારાજ કહે, 'દરબાર જાલમસંગને બોલાવો' દરબાર હાજર થયા 'શું હુકમ છે મહારાજ'

મહારાજ કહે 'દરબાર! અમારી ઘોડી ક્યાં છે?'

'મહારાજ, ઘોડી તો ઘોડશાળમાં જ બાંધી હતી. દરબારે ઠાવકુ મોંઢું રાખી જવાબ દીધો.'

મહારાજ કહે : 'દરબાર ! ઘોડી ઘોડશાળમાં નથી, માટે તો પૂછીએ છીએ.

'અરે, હોય નહિ મહારાજ ! લ્યો હું તપાસ કરાવું છું.' વધુ વાત કરવામાં રહસ્ય છતું ન થઈ જાય તેવી બીકે દરબાર મહારાજની આંખ સામેથી અળગા થઈ ગયા. મહારાજ દરબારની પીઠ પાછળ જોઈ જ રહ્યા. અને મહારાજના મનમાં શંકાનો સળવળાટ થયો. દરબાર થોડીવાર આઘેરા જઈ ખોટી થઈ પાછા આવ્યા.

'મહારાજ ! વાત સાચી છે, માણકી નથી. ખીલો ઊપડેલો છે. એટલે ક્યાંય આઘી પાછી થઈ લાગે છે. મેં ચારેબાજુ તપાસ કરવા ઘોડા દોડાવ્યા છે.

મહારાજ થોડા ગંભીર થઈ કહે : 'જુઓ દરબાર! અમારી માણકી અમને મેલીને ક્યાંય આઘી-પાછી જાય નહિ. અમારું મન કહે છે કે ઘોડી અહીં જ છે. તમે જ ક્યાંક સંતાડી છે. માટે ઝટ લાવો મોડું થાય છે.

'અરે ભણું મહારાજ ! હું તમારી માણકી સંતાડું. તમને વિશ્વાસ ન આવતો હોય તો કૃપાનાથ પધારો તમે જ જાતે ઘોડશાળમાં અને દરબારગઢમાં તપાસ કરી લ્યો.

મહારાજ કહે : 'દરબાર ! અમારી માણકીને અમારા ઉપર અસાધારણ હેત છે. અમે બોલાવીશું એટલે સાતમે પાતાળેથી પણ હાવળ નાખી સામો સાદ કરશે. પછી તમારે ભોંઠું પડવું પડશે. માટે અમને મહેનત કરાવો મા, અમારી માણકી ઝટ લાવો.

'પણ મહારાજ ! મેં સંતાડી હોય તો લાવુંને ! તમને વિશ્વાસ બેસતો નથી. માટે જાતે જ સાથે ચાલો અને બધે જ જોઈ લ્યો અને બોલાવી જુઓ હશે તો હાવળ નાખશે.'

મહારાજ ઊભા થયા. દરબારને પણ મનમાં ફફડાટ પેઠો. રખેને રહસ્ય છતું થઈ જાય ? આ તો એક અને એક બે તેના જેવી વાત છે કે મહારાજ સાદ કરશે એટલે માણકી સામે બોલશે જ. ચાલો જે થાય તે ખરું.

મહારાજ ઘોડશાળમાં તપાસ કરવા ગયા. ચારેબાજુ તપાસ કરી બે-ત્રણવાર સાદ કર્યા. 'માણકી... માણકી... માણકી'

આ બાજું મહારાજના ઊતારાની બાજુના જ ઓરડામાં માણકી ઊભી છે. સામે કેશાબા છે. માણકી મુક્તનો અવતાર છે તેથી બંને બહેનપણીઓ વાતે વળગી છે. કેશાબા માણકીને માથે હાથ ફેરવે છે અને કહે છે.

'માણકી ! તું ભાગ્યશાળી છે. અખંડ ભગવાનની સેવામાં રહે છે. અનંતકોટી બ્રહ્માંડના આધારને તું માથે બેસાડી ફરે છે. મહારાજ તને કેટલું બધુ હેત કરે છે. અમે એટલા ભાગ્યશાળી નહિ' કહેતાં કહેતાં કેશાબા માણકીના કોટે બાજી પડ્યાં.

માણકીએ પણ વહાલથી ડોકું ધુણાવ્યું. ધીમું હણહણી જવાબ દીધો, 'મા ! તમેય ક્યાં ઓછાં ભાગ્યશાળી છો. મહારાજ ક્યાંય ન જતાં આપને ત્યાં અવાર-નવાર પધારે છે. તમારી સેવા સ્વીકારે છે અને તમને પણ મહારાજનો કેવો કેફ છે. કેટલીક બાઈઓનો મહારાજના મહિમાની વાતો કરી કરીને ભગવાનપણાનો તમે નિશ્ચય કરાવ્યો છે. 'હું ગમે તેટલી મહારાજની સાથે ફરુ પણ મહારાજના મહિમાની વાતો મારાથી થોડી થઈ શકે છે.

આમ વાર્તા ચાલે છે. ત્યાં તો માણકીને શોધતાં-શોધતાં મહારાજે દરબારગઢના ચોકમાં આવી સાદ કર્યો 'માણકી...' ત્યાં તો માણકીના કાન ચમક્યા. એણે ડોક ઊંચી કરી, કાનસૂરી ભેગી કરી હાવળ નાખવાની તૈયારી કરી.

કેશાબાને થયું મહારાજનો સાદ સાંભળી હમણાં માણકી હણહણાટ કરશે અને કપટ છતું થશે. કેશાબાએ માણકી સામે દૃષ્ટિ સ્થિર કરી હાથ જોડી કહ્યું.

'બહેન ! જો જે બોલતી નહિ. આજ મહારાજ અને અમારી વચ્ચે હોડ ચાલે છે. મહારાજને જવું છે અને અમારે મહારાજને રોકવા છે. તારે અમને મદદ કરવાની છે. પ્રેમીભક્તોની સ્થિતિ કેવી હોય તે તું જાણે છે ? મોંઘામૂલા મહારાજ માંડ મળ્યા છે. અને તરત ચાલ્યા જાય તો અમારી સ્થિતિ તો પાણી વગરના માછલા જેવી થાય. માટે બહેન અમારી અરદાસ સાંભળજે. આખરે તો તું પણ સ્ત્રી અને હું પણ સ્ત્રી. એક બહેને બહેનપણીની વાત તો માનવી જ જોઈએ ને! બોલ બરાબરને ! ચૂપ રહીશને, બહેનની વાત માનીશને? કેશાબા માણકીની ડોકે પ્રેમથી હાથ ફેરવતાં ફેરવતાં વીનવવા લાગ્યાં.

સહિયરની વાત સાંભળીને માણકીએ પણ માથું

નીચું નમાવ્યું. મૌન રહેવાની મૂક સંમતિ આપી દીધી. પળભરમાં આટલી વાતો થઈ ગઈ. ત્યાં તો મહારાજનો સમીપમાંથી સાદ સંભળાયો 'માણકી...' પણ જવાબ કોણ આપે?

બહેનપણીની વાત માની માણકીએ મહારાજ સાથે આજ રૂસણાં લીધા છે. નજીકના ઓરડામાં હોવા છતાં માણકીએ જવાબ ન દીધો. મહારાજે વારાફરતી ત્રણ-ત્રણ વાર કર્યા પણ માણકી ન બોલી. બેય બહેનો બરાબર સંપી ગઈ.

કેશાબાના ઓરડા પાસેથી પસાર થતી વખતે જાલમસંગને ફફડાટ પણ થયો. ક્યાંય પોલી ખુલી જાય નહિ. જાલમસિંહજી બોલ્યા,

'લ્યો મહારાજ ! હવે તો ખાતરી થઈ ગઈ ને ? આટલામાં ક્યાંય માણકી અમે સંતાડી નથી. મહારાજે વિચાર્યું કે, 'આ પ્રેમી ભક્તો ખરેખર આજે અમને જવા નહિ દે' એટલે ધીરે રહીને ભક્તવત્સલ ભગવાન બોલ્યા,

'દરબાર ! તમે ખરેખર અમને જવા નહિ દો. હવે તમારો આવો આગ્રહ છે તે રોકવું જ પડશેને ? જાઓ, હવે રાત્રિ રોકાઈને જ જશું. માટે હવે તો ઘોડી બતાવો, ક્યાં સંતાડી છે?'

દરબાર મંદ મંદ હસ્યા, 'મહારાજ ! તમે તો અંતર્યામી છો. બધું જાણો છો. તમારાથી શું છૂપાવીએ? માણકી અમે સંતાડી છે એ તો હકીકત છે. પણ તમે હવે કહ્યું છે તો વચન આપો કે એક રાત તો રોકાઈશું જ.'

મહારાજ રાજી થઈ કહે, 'જાઓ અમારું વચન છે. એક રાત તો રોકાઈશું જ' બધા કાઠીઓને કહો ઘોડા પાછા ઘોડશાળમાં બાંધી દે.'

જાલમસિંહજી ઊતાવળા ઊતાવળા કેશાબાના ઓરડામાં ગયા. 'મા ! મહારાજે રાત રોકવાનું વચન આપ્યું છે. અને કાઠીઓના ઘોડા પણ ઘોડશાળમાં બાંધી દેવાની આજ્ઞા કરી છે.

સાંભળતાં જ કેશાબાને અત્યંત આનંદ થયો. આ બાજું જેવા જાલમસંગ પાછા પ્રભુ પાસે આવ્યા કે, તરત જ પેલી બાજું કેશાબાએ માણકીને કહ્યું, 'બહેન ! જા હવે તને બોલવાની છૂટ છે. માણકી ઘોડી હણહણાટ ઉપર હણહણાટ કરવા લાગી. બાજુના ઓરડામાંથી જ માણકીનો અવાજ સાંભળી મહારાજ ચમક્યા. 'અરે દરબાર ! તમે તો માણકી અમારી બાજુમાં જ સંતાડી છે ને શું ? અમે તો બહાર શોધતા હતા. કહેતાં જ અધીરા બનેલા મહારાજ ઊભા થયા.

જાલમસિંહજી કહે, 'મહારાજ ! સંતાડી સંતાડીને છેટી શા માટે સંતાડીએ ? સંતાડીએ તો સમીપમાં જ સંતાડીએ ને, જેથી શંકા જ ન થાય. અને મહારાજ તમેય અમારા અંતરની સમીપમાં જ સંતાયા છો ને ! અમે બધા બહાર ફાંફાં માર્યા જ કરીએ છીએ છતાં હાથમાં નથી આવતા.'

મહારાજ હસ્યા અને માણકીવાળા ઓરડામાં આવી ઊભા રહ્યા. ત્યાં તો બેય બહેનોને વહાલ કરતાં જોઈ મહારાજ થંભી ગયા.

'લ્યો, ત્યારે આમ વાત છે. આજ બહેને બહેનને બરાબર સમજાવી લાગે છે.' મહારાજ માણકી પાસે આવી ઊભા રહ્યા. માફી માગતી હોય તેમ માણકી મહારાજના ચરણ કમળ ચાટવા લાગી.

માણકીને માથે હાથ ફેરવતાં ફેરવતાં મહાપ્રભુ હસીને બોલ્યા : 'માણકી' તેં આજ તારી બહેનનું રાખ્યું પણ અમારું ન રાખ્યું ખરુંને ?'

કેશાબાએ મહારાજને છેટેથી પ્રણામ કરીને કહ્યું, 'મહારાજ ! તમે અમારું ન રાખ્યું તો કોક તો રાખે જ ને, લ્યો હવે રાત રોકાવાના જ ને !'

મહારાજ કહે, 'અમારે તો ઘણું જવું છે પણ તમે ક્યાં જવા દો એવાં છો ? અને આ માણકી પણ આજે તમારી થઈ ગઈ છે.'

કેશાબા કહે, 'મહારાજ ! આપ સ્વતંત્ર હોવા છતાં પ્રેમને પરવશ છો.'

મહારાજ કહે, 'કેશાબા, તમે ભક્તિરૂપી દોરીથી અમને બાંધી લીધા છે. હવે તો અમે ધારીએ તો પણ તમારાથી છેટા જઈ શકીએ તેમ નથી.'

મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે, એણે બાંધ્યા મેં ન છૂટે રે,
એકવાર ભગત મને બાંધે, તો તે બંધન મેં ન તૂટે રે.
પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા....

મહારાજ રાત રહ્યા. દેવળીયાના ભક્તોને ખૂબ ખૂબ સુખ આપ્યા. બીજે દિવસે સવારે જાલમસિંહજી અને કેશાબાએ બધાને શિરામણ કરાવી બધાને જવાની રજા આપી. શ્રીહરિ અસ્વારોના જૂથ જોડે જેતલપુર જવા રવાના થયા. ધન્ય છે કેશાબાને ! ધન્ય છે માણકીને ! ધન્ય છે મહારાજ ને !

# 'ભક્તિ' જ કલ્યાણનું સાધન છે

• શ્રી રમણ ગજ્જર (ભુજ)




જે માનવી ઈશ્વરનું ચિંતન કરીને નિરંતર ઈશ્વરની જ ઉપાસના-ભક્તિ કરે છે. અહર્નિશ ઈશ્વરમાં જ જોડાયેલો રહે છે, તેના સર્વ કાર્યના કર્તા ઈશ્વર બને છે.

ઉપાસના-ભક્તિ એવી રીતે કરવી જોઈએ કે ભક્તને ભગવાન વિના ગમે નહિ અને ભગવાનને ભક્ત વિના ચેન ન પડે. બંને એકમેકને મળવા આતુર હોય.

આપણી પાસે જે કંઈ છે તે સર્વસ્વ ઈશ્વરને અર્પણ કરી ઈશ્વરમાં સ્નેહ કરવો તેનું નામ જ ભક્તિ. ભક્તનું જીવન જ ભક્તિ છે. આ ભક્તિના સહારે જ તે સંસાર સાગરને પાર કરી શકે છે.

ભક્તિ એકલી કામ નથી આવતી. ભક્તિની સાથે જ્ઞાન પણ જોઈએ. જ્ઞાનથી સારા ખોટાની ખબર પડે છે અને ભક્તિ દ્વારા તેમાં રહેલો આનંદ રસ લઈ શકાય છે. સત્પુરુષોના સંગથી જ જ્ઞાન મેળવી શકાય છે.

પરમકૃપાળુ પરમાત્માની સમીપે પહોંચવાનો રાજમાર્ગ એટલે જ ભક્તિ. ભક્તિ વગરનું જીવન શુષ્ક છે.

દાન, તપ, જપ, વ્રત, યજ્ઞ, સ્વાધ્યાય, ધર્મગ્રંથોનું અધ્યયન ઈન્દ્રિય સંયમ આવા અનેક પ્રકારના સત્કર્મો દ્વારા ઈશ્વરની આરાધના કરી શકાય છે.

ભક્તિ કેવી હોવી જોઈએ તો કહે છે કે, ભક્તિ કરો તો ઐસી કરો, જો ભક્તિ પ્રભુકો રીઝાયે; તું ક્યા મીલને જાવે, પ્રભુકો, પ્રભુ ખુદ તુજે મીલને આવે. ભક્તની ભક્તિથી પ્રસન્ન થનાર ભગવાન ભક્તને શોધતા દોડ્યા આવે તેનું નામ જ સાચી ભક્તિ.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ કહ્યું છે કે, 'પૃથ્વી ઉપર સર્વ મનુષ્યોએ સર્વ પ્રકારે ભક્તિ કરવી જોઈએ. તે ભક્તિ વિના બીજું કોઈ કલ્યાણકારી સાધન નથી.' કારણ કે ભગવાનનું ભજન-ભક્તિ કરનારના સર્વે મનોરથો-કાર્યો ભગવાન કરે છે.

ભગવાન કહે છે કે, સંસારમાં મનુષ્યને માટે સહુથી મોટી કલ્યાણની પ્રાપ્તિ એ છે કે એનું મન તીવ્ર ભક્તિ યોગથી મારામાં સ્થિર થાય. ભક્તિ દ્વારા જ ભક્તનો ભગવાન સાથે સાક્ષાત્ સંબંધ થાય છે.

ભગવાનની ભક્તિ કરવામાં જેટલો સમય પસાર થાય છે એટલો સમય જ માનવ જન્મસાર્થક થયો ગણાય. જે મન અને વાણી ભગવાનના ગુણગાન ગાય છે તે જ મન અને વાણી સફળ છે.

માણસનો જન્મ ત્રણ પ્રકારે થાય છે. (૧) શૌકલ જન્મ-માતા-પિતા થકી જે જન્મ થાય છે તે (૨) સવિત્ર જન્મ-ગુરુ પાસેથી જનોઈ લેવી તે (૩) યાજ્ઞિક જન્મ-યજ્ઞમાં દીક્ષા લેવી તે. આ ત્રણ પ્રકારના જન્મ દ્વારા જો ભગવાનની ભક્તિ ન થાય તો આ ત્રણેય જન્મ અર્થહીન છે. જે ક્રિયા દ્વારા ભગવાન અને ભગવાનના ભક્તની સેવા થાય તેનું નામ જ સાચી

ભક્તિ.

પ્રગટ ભગવાનની જે ભક્તિ છે તે ધર્મ-જ્ઞાન અને વૈરાગ્ય કરતાં પણ ચઢિયાતી છે.

જે ભક્તિ કરે તે ભક્ત કહેવાય. ભક્તિ પણ દેખાડાની-બાહ્ય આડંબર વગરની હોવી જોઈએ. ભક્તમાં પણ માનવતા ભારોભાર છલકાતી હોવી જોઈએ. ભક્તમાં આદર્શ નાગરિકતા ભળેલી હોવી જોઈએ. ભક્તિ એ કંઈ 'વન મેન શો' કરવાની વસ્તુ નથી. કે તેનું ઠેર ઠેર પ્રદર્શન કરતા ફરીએ.

ભક્તિનું મહત્ત્વ બતાવતાં નારદજી કહે છે કે, વેદાદિ શાસ્ત્રો - યજ્ઞ યાગાદિનું કર્મકાંડ જાણતો હોય, દેવતાના જેટલું લાંબુ આયુષ્ય હોય, શાસ્ત્રોનું શ્રવણ કર્યું હોય, વાણીને વશ રાખી હોય, ચિત્તની વૃત્તિ એકાગ્ર કરી હોય, બૃહસ્પતિના જેવી બુદ્ધિ હોય, હિરણ્યકશિપુ જેવું શારીરિક બળ-ઐશ્વર્ય પ્રાપ્ત કર્યા હોય, સર્વે કળા કારીગરીમાં નિષ્ણાત હોય, અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો હોય, સાંખ્યજ્ઞાન દૃઢ કર્યું હોય, સકળ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય, સંન્યાસ લીધો હોય, વેદના પાઠ કર્યા હોય, મોક્ષના તમામસાધનો કર્યા હોય તો પણ આ બધા દ્વારા શ્રીહરિની પ્રાપ્તિ થઈ ન હોય તો આ બધું કરવાનો શો અર્થ. તે બધું કર્યું ન કર્યું બરાબર છે. માટે સત્સંગ દ્વારા પ્રકટ ભગવાનને ઓળખી, તેમની ભક્તિ કરવી-એ જ કલ્યાણકારી સાધન છે. જો ભક્તિ ન હોય તો વિદ્વાન પણ અધોગતિને પામે છે.

મંદિરોમાં જે કીર્તન ભક્તિ-સંગીત થતા હોય છે તેમાં ભક્તિની ભાવના છલોછલ ભરેલી હોય છે. તેના સંગીતમાં પ્રાણવાયુ જેવી તાકાત હોય છે. તે માનવહૃદયને સ્પર્શી જતી હોય છે. તનાવથી મુક્તિ અપાવતી હોય છે. મગજના બોજને હળવો કરતી હોય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૧મા અધ્યાયમાં શ્લોક ૫૩માં જણાવ્યું છે કે, ભગવાન વિશ્વના નાથ છે અને વિશ્વરૂપે પણ એ જ છે. ભગવાનના આવા વિશ્વરૂપનું દર્શન શાસ્ત્રોના અભ્યાસથી થતું નથી કે દયા દાનના કામો કરવાથી થતું નથી, ઉગ્ર તપ કરવાથી કે યજ્ઞ પણ કરવાથી યે થતું નથી. એ દર્શન કરવાનોમાત્રએકજરસ્તોછે-ભક્તિ!

જંગલમાં રહેનારી શબરી પરમાત્માની ભક્તિથી પવિત્ર બની ગઈ. પ્રભુના મંત્ર જાપથી જંગલનો લૂંટારો વાલિયો વાલ્મીકી ઋષિ બની જાય છે. ભગવાનની ભક્તિ એવી પવિત્ર ગંગા જેવી છે કે તે અધમમાં અધમમાણસને પણ ઉગારી લે છે.

શ્રીહરિના ચરણોમાં એકવાર કોઈ માથુ નમાવી એમકહે કે, હે પ્રભુ! હું તમારો છું. બસ આટલી જ વારમાં શ્રીહરિ તેને અભયદાન આપી દે છે.

સદ્ગુરુ શ્રી શતાનંદમુનિ કહે છે કે, પરમકૃપાળુ પરમાત્માની ભક્તિ અતિ ઉત્તમવસ્તુ છે. ભક્તિનો પ્રતાપ બહુ અલૌકિક છે. ભક્તિનો મહિમા અપરંપાર છે.

ભક્તિ શબ્દ જ શ્રદ્ધાવાચક શબ્દ છે. જે ભક્ત શ્રદ્ધાથી ભગવાનને જે કંઈ પત્ર, પુષ્પ, ફળ, જળ વિગેરે ભક્તિપૂર્વક અર્પણ કરે છે તેનો ભગવાન સ્વીકાર કરે છે.

ભક્તિના ૮૧ પ્રકાર શાસ્ત્રોમાં ગણાવેલા છે. તેમાં ૮૨મી પ્રેમલક્ષણા ભક્તિને ઉત્તમગણી છે.

શ્રીહરિલીલા કલ્પતરુ સ્કંદ-૭માં શ્રીહરિએ કહ્યું છે કે, સૂર્યના સંયોગથી જેમસૂર્યકાન્ત મણિમાં અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમસત્પુરુષોના પ્રસંગથી માનવીમાં ભક્તિ ઉત્પન્ન થાય છે.

ભક્તિ કરતા કરતા ભગવાનનો અપરાધ ન થાય તે બાબતની સાવધાની ભક્તોએ રાખવી જોઈએ.

શ્રીહરિની આજ્ઞાથી ગુજરાતના ગામડે ગામડે પાંચસો પરમહંસોના મંડળોએ વિચરણ કરીને માનવજગતમાં ભક્તિની ગંગોત્રી વહાવી હતી અને ગુજરાતને સંસ્કારને રંગે રંગી, નંદનવન બનાવ્યું હતું.

શ્રીહરિએ પોતાના આશ્રિતજનોને 'શ્રદ્ધાએ સહિત અને ઈર્ષાએ રહિત ભક્તિ કરવા આજ્ઞા કરેલી છે.'

કોઈ હરિભક્તમાં વિપરીત દોષ પડવાથી કે તેનો દ્રોહ થાય એવું આચરણ કરવું તેને શ્રીજી મહારાજે ભક્તિ માર્ગમાં સૌથી મોટું વિઘ્ન ગણાવ્યું છે.

ભક્તિ કરવા માટે, શ્રીહરિનું માહાત્મ્ય સમજવા માટે સંત સમાગમઅનિવાર્ય છે.

ભક્તિ કરવી તો પતિવ્રતાની કરવી પણ, વ્યભિચારિણી ભક્તિ કરવી જ નહિ.

શાસ્ત્રોમાં મોક્ષના માર્ગે જવા માટે અનેક સાધનો બતાવેલા છે. પરંતુ તે સર્વમાં હાથવગુ, સરળ અને સર્વોત્તમસાધન જો કોઈ હોય તો તે 'ભક્તિ' છે. ભક્તિ કરવા માટે ધનની નહિ પણ તન અને મનની જરૂર છે. જે દરેકની પાસે હોય જ છે.

# સંસ્થા સમાચાર

## વડતાલધામને આંગણે ઉજવાયો કાર્તિકી સમૈયા અંતર્ગત સ્મૃતિ મહોત્સવ

વડતાલધામના અખંડ ભગવત પરાયણ ભજનાનંદિ પ.પૂ.સદ્.શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી(અથાણાવાળા)ની સ્મૃતિમાં કારતક સુદ–૯ થી કારતક સુદ ૧૫ સુધી ભવ્ય સ્મૃતિ મહોત્સવ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના અધ્યક્ષપદે તેમજ પ.પૂ.સદ્.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામીના આયોજનથી ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં શ્રીમદ્ સત્સંગીજીવન ગ્રંથરાજની કથાનું રસપાન શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રકાશદાસજીએ કરાવ્યુ હતુ. આ ઉપરાંત બપોર પછીના સમયામાં શાસ્ત્રીશ્રી નિર્લેપદાસજી (બોરસદ), પ. પુ. શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી, ચેરમેનશ્રી ઘનશ્યામ પ્રકાશદાસજી સ્વામી, મુખ્ય કોઠારીશ્રી નિલકંઠચરણદાસજી સ્વામી, પ. પૂ. શાસ્ત્રીશ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પ. પૂ. સદ્. શ્રીજ્ઞાનજીવન દાસજી સ્વામીએ પણ કથામૃતનું રસપાન કરાવ્યુ હતુ. તેમજ મહોત્સવના અધ્યક્ષ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ તથા ધામો ધામથી પધારેલ સંતોએ આર્શિવચન આપ્યા હતા. આ મહોત્સવ અંતર્ગત સંહિતા વાંચન, મંત્રલેખન, ધુન, ભકતચિંતામણી પાઠ, જનમંગલ પાઠ, ભજન સંધ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા રકતદાન શિબિર વિગેરે કાયક્રમો થયા હતા. કારતક સુદ ૧૧ દિવસે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ ૧૧ મુમુક્ષુ પાર્ષદોને ભાગવતી દીક્ષા આપી હતી. આજ સુધીમાં પ. પૂ. આચાયશ્રી રાકેશપ્રસાદજી મહારાજે ૩૦૩ સંતોને દીક્ષા આપી છે.

કારતક સુદ ૧૨ના રોજ શ્રીહરિકૃષ્ણમહારાજ તથા લક્ષ્મીનારાયણ આદિ દેવોના ૧૮૭માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક કરવામાં આવ્યો હતો તથા દેવોની આગળ અન્નકુટ પુરવામાં આવ્યો હતો.

## ૧૦૦૦ રૂમોને સમાવતુ નૂતન શ્રીહરિકૃષ્ણ વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન

વડતાલધામમાં ગોમતીજીના દક્ષિણ કિનારા બાજુના ભાગમાં કારતક સુદ ૧૨ના રોજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. આચાર્યમહારજશ્રી તથા વડીલ સંતોના વરદ્ હસ્તે નૂતન સાકાર થનાર શ્રીહરિકૃષ્ણ વિશ્રામ ગૃહનું ભુમીપૂજન કરવામાં આવ્યુ હતુ. આ વિશ્રામ ગૃહ હવા ઉજાસ, પ્રકાશ ઉજાસ, આધુનિક સગવાડતા સાથે ૧૦૦૦ રૂમો એ.સી. પ્લાન સાથે તેમજ ૫૦૦ ગાડીઓના પાર્કિંગની વ્યવસ્થા સાથે તૈયાર કરવામાં આવશે. ફરતા બગીચા તથા આર.સી.સી.ના રોડની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

## વડતાલધામને આંગણે ઉજવવામાં આવશે દ્વિશતાબ્દિ મહોત્સવ

આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના આગામી ફાગણ વદી ૪ ના રોજ ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોય તે નિમિત્તે આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના અધ્યક્ષપદે વડતાલ સંસ્થાન દ્વારા દ્વિશતાબ્દિ મહોત્સવ ફાગણ સુદ ૧૫ થી ફાગણ સુદ ૪ તા. ૭ થી ૧૧ માર્ચ ૨૦૧૨ સુધી ઉજવવામાં આવશે.

**આ મહોત્સવ અંતર્ગત**

પારાયણ, ભવ્ય રંગોત્સવ, વ્યાખ્યાન માળા, સાંસ્કૃતિ કાર્યક્રમો, હોમાત્મક યજ્ઞ, સંહિતા પાઠ વિગેરે કાર્યક્રમો રાખવામાં આવેલ છે.

**મહોત્સવ અંતર્ગત કરવામાં આવશે વિવિધ ઉદ્‌ઘાટન**

(૧) ગોમતી તળાવમાં પ્રસાદીની જગ્યા (ગોમતી ઉદ્‌ભવ સ્થાન)મા બનાવવામાં આવેલ પથ્થરની છત્રીનું ઉદ્‌ઘાટન
(૨) વડતાલ ગામમાં થયેલ આર.સી.સી. રોડ વિવિધ સર્કલનું ઉદ્‌ઘાટન
(૩) જીર્ણોદ્ધાર કરવામાં આવેલ રઘુવીરજી મહારાજ આદિક આચાર્યશ્રીના સ્મૃતિ મંદિરોનું ઉદ્‌ઘાટન
(૪) જીર્ણોદ્ધાર કરવામાં આવેલ પ્રસાદીના ગાદીવાળા મેડાનું ઉદ્‌ઘાટન
(૫) નૂતન બ્રહ્મચારી ભૂવનનું ઉદ્‌ઘાટન

## આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમો

ભુતિયા(ગઢડા), પ્રહલાદગઢ(ગઢડા), અમરલી સત્સંગ પારાયણ તથા માળીયા (જુનાગઢ) શાકોત્સવમાં પધારી દર્શન-આશિર્વચનનો લાભ આપ્યો હતો.




**શ્રી સ્વામિનારાયણ ભગવાનના જીવનકવન અને ઉપદેશને આધારિત વિશ્વમાં હિન્દી ભાષાનો સૌથી મોટો અને સર્વોત્તમ ગ્રંથરાજ શ્રીહરિચરિત્રામૃતસાગર એટલે..**

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, કરુણા, પ્રેમ આદિ સદ્‌ગુણોનો ઘુઘવતો મહાસાગર.

જિજ્ઞાસુઓને જ્ઞાનરૂપી તૃષા બુઝાવતું ચેતનવંતુ પરબ.

માનવીય દિલને જોડતો વિરાટ સેતુ.

ભવસાગરમાં ભટકતા લોકોને મોક્ષરૂપી દાન આપતું જીવંત સદાવ્રત.

બસો વર્ષ પૂર્વની રાજકીય, ધાર્મિક, સામાજીક, આર્થિક અને માનવીની મનોદશાને વર્ણવતી મહાભારતથી પણ લાંબી અનુપમ સીરીયલ.

જેમ દૂધમાં તમામ વિટામીનો સમાયેલા છે અને તે પૌષ્ટિક ખોરાક છે તેમજ આ ગ્રંથમાં આપણી બુદ્ધિ, વિચાર અને ચેતનાને શક્તિમાન બનાવનાર અનેક વિટામીનો સમાયેલા છે. તથા જ્ઞાનની ગહેરાઈ અને હૃદયસ્પર્શી વાણી ખોરાકની જેમ જ જીવને બળિયો બનાવે છે.

આપણી સંસ્કૃતિમાં વેદો સર્વોત્તમ કહેવાય છે. જેમ વેદ પરમેશ્વરની વાણી છે, તેમજ આ ગ્રંથ અનુભવી સંતની અનુભવ વાણી છે. ઘણાક ગ્રંથો કે સ્મૃતિઓમાં પરસ્પર અમુક અંશે ઉતારા કર્યા હોય તેવું જોવા મળે છે. જ્યારે આ ગ્રંથમાં તો **સિદ્ધયોગી, સદ્‌ગુણમૂર્તિ સિદ્ધાનંદ ઉર્ફે આધારાનંદ સ્વામી**એ સગા કાને સાંભળેલો અને આંખે દેખેલો અહેવાલ કંડાર્યો છે. માટે જ આ ગ્રંથના પ્રત્યેક પદ્યોમાં ચૈતન્યની શાશ્વત સુગંધ રેલાય છે. બ્રહ્મરસનો અનુપમ આસ્વાદ મળે છે. અનુભવી સંતની કલમે કંડારાયેલા આ ગ્રંથના શબ્દો ભલે સીધા સાદા હોય પરંતુ તેમાં અનેકના અંતરને પરિવર્તન કરવાની અમોઘ શક્તિ સમાયેલી છે. આ ગ્રંથ આધ્યાત્મિક જગતનો ખજાનો છે, જેમ મૂળ વૃક્ષોનો આધાર છે, કિનારા નદીઓનો આધાર છે તેમ જ આ ગ્રંથ ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે.

જેમ નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે, મણિઓમાં ચિંતામણિ શ્રેષ્ઠ છે, પર્વતમાં હિમાલય શ્રેષ્ઠ છે તેમ આધ્યાત્મિક માર્ગના તમામ ગ્રંથોમાં આ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથ સર્વોત્તમ છે. જેમ સૂર્યમાંથી અનેક ઉર્જાઓ મળે છે તેમ આ ગ્રંથ વાંચનારને તરંગે તરંગે અનેક આધ્યાત્મિક ઉર્જાઓ મળે છે. જેમ આભૂષણ શરીરને શોભાવે, મૂર્તિઓ મંદિરને શોભાવે તેમ આ ગ્રંથનું શ્રવણ, પઠન કે મનન અસંખ્ય ભક્તોના હૈયાને શોભાવે એવું છે. આ **ગ્રંથ વિશ્વમાં હિન્દી સાહિત્યમાં સૌથી મોટો છે અને આધ્યાત્મિક દષ્ટિએ વેદવાણી જેવો અજોડ છે.** આ ગ્રંથ સંસારરૂપી રોગને ટાળવાનું ઉત્તમ ઔષધ છે. કળિયુગના દોષોને ટાળવામાં સુદર્શન ચક્ર સમાન છે. કામ-ક્રોધાદિક દોષોને ટાળવા માટેની સંજીવની છે. આ ગ્રંથને વાંચનાર, સાંભળનાર કે મનન કરનારના ત્રણેય તાપો નાશ પામે છે અને ભગવાનની મૂર્તિમાં અતિ પ્રેમ ઊપજે છે, જીવન પવિત્ર બને છે. આ ગ્રંથનાં પ્રત્યેક પૂરમાં ગંગા નદીની જેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, પરાભક્તિ અને સર્વોપરી ઉપાસનાનાં પૂર વહે છે. તથા દરેક તરંગોમાં મહિમા, દિવ્યભાવ, સ્નેહ, સમર્પણ, ગુણગ્રાહી દષ્ટિ અને સત્સંગની સર્વોપરીતા રેલાય છે.

આશરે બસો વર્ષ પૂર્વે આ ગ્રંથની રચના શ્રી સ્વામિનારાયણ ભગવાનના દીક્ષિત મુક્તરાજ સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામીએ તેમની જ અંતઃપ્રેરણાથી વડતાલધામમાં રહીને કરી હતી. વડતાલધામે પ્રતિષ્ઠિત શ્રીહરિકૃષ્ણ મહારાજ વિશ્વમાં અદ્વિતીય છે, તેમ જ આ ગ્રંથ પણ વિશ્વમાં અદ્વિતીય છે. આ ગ્રંથમાં કુલ ૨૯ પૂર છે. ૨,૪૦૯ તરંગ છે. અને ૧,૦૨,૫૫૧ પદ્યો છે. આવા વિશાળકાય ગ્રંથનો શબ્દશઃ ગુજરાતીમાં અનુવાદ પ્રથમવાર પ. પૂ. શાસ્ત્રી શ્રી જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી (ગાંધીનગર)એ કર્યો. અને ગાંધીનગર ગુરુકુળ દ્વારા જ બાર ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો. આવો વિશાળ ગ્રંથ હોવા છતાં એક જ વર્ષમાં તેની આશરે ૪,૦૦૦ ઉપરાંત કોપીઓ વેંચાણી અને શ્રદ્ધાળુઓએ માત્ર એક જ વર્ષમાં મારી જાણ મુજબ ૧,૦૦૦ ઉપરાંત પાઠ કર્યા છે. તે આ ગ્રંથની રસપ્રદતા અને વાંચક વર્ગને અંતરથી આવતો અલૌકિક આસ્વાદનો દસ્તાવેજી પુરાવો છે. આ ગ્રંથરૂપી ચૈતન્ય મંદિર સદા અમર રહે અને આપણી સંસ્કૃતિને હંમેશા સદ્‌ગુણો, સદ્‌વર્તન અને સંસ્કારની જ્યોત પ્રકાશતો રહે તેવા હેતુથી મૂળ હિન્દી ગ્રંથને ગત્ તા.૩૧/૧૦/ થી ૩/૧૧/૨૦૧૧ સુધી અમદાવાદ જિલ્લાના બરવાળા તાલુકામાં કુંડળધામે યોજાયેલ ‘શ્રીહરિચરિત્રામૃત સાગર પુરશ્ચરણ મહોત્સવ’માં ખૂબ જ ભવ્યતાપૂર્વક વિમોચિત કરવામાં આવ્યો છે. સૌ પ્રથમવાર આ સંપૂર્ણ ગ્રંથના પ્રત્યેક પદ્યો બોલીને બે વાર યજ્ઞનારાયણને આહુતિઓ આપી હતી. વળી, જેવો સર્વોપરી ગ્રંથ છે તેવી જ સર્વોપરીતાપૂર્વક તેની વિમોચનવિધિ હજારો અને લાખોની જનમેદનીની વચ્ચે કરવામાં આવી હતી. જેથી સહુ લોકોને આ ગ્રંથમાં આંખે દેખ્યા અહેવાલ જેવા દોહા-ચોપાઈઓમાં શ્રદ્ધા જાગે, પ્રીતિ અને પ્રતીતિ વધે અને તેને કારણે આ ગ્રંથસ્થ ઉપદેશ જનસમાજ જીવનમાં ઉતારે તો તેનું બહુ જ રૂડું થાય.

કોઈ સારા લેખક હોય તો તે ચિત્રકાર ન હોઈ શકે અને કોઈ શ્રેષ્ઠ ચિત્રકાર હોય તો તે અનુપમ લેખક ન હોઈ શકે; પરંતુ મને કહેતા આનંદ થાય છે કે, આ ગ્રંથના લેખક યોગીરાજ આધારાનંદ સ્વામી સારા લેખક અને શ્રેષ્ઠ ચિત્રકાર પણ હતા. વળી, અનુભવ ને સદ્‌ગુણનું તો મૂર્તિમંત સ્વરૂપ હતા. આ ગ્રંથનું વાંચન-મનન આપણા અંતરને અરોગી કરે છે, દુઃખિયાને સુખિયા કરે છે અને આલોક અને પરલોકના તમામ મનોરથ સિદ્ધ કરે એવો છે. આ ગ્રંથમાં સત્સંગ, સત્પુરુષ અને સદ્‌ગુણોનો ખૂબ જ મહિમા ગવાયો છે. તો કુસંગ, કુપુરુષ અને દંભાદિક અધર્મસર્ગનું ખંડન કરીને અધર્મ માર્ગેથી પાછા વળવા અનેક જગ્યાએ સાવધાની પણ આપેલી છે.

**સોરઠા : ધન્ય ધન્ય આવો ગ્રંથ, સંત આધારાનંદે કર્યો; પ્રગટ મોક્ષનો પંથ, હરિચરિત્રામૃત સાગર છે.**
**મળે ન જગમાં જોડ, હરિચરિત્રામૃત સાગરની; એવો છે ગ્રંથ અજોડ, મોક્ષ આત્યંતિક આપે એવો.**

શ્રી સ્વામિનારાયણ ભગવાનના હૃદગત્ સિદ્ધાંતને વર્ણવતો અને તેમના લીલાચરિત્રો તથા ઉપદેશોમાં અવગાહન કરાવતો આ ગ્રંથ અનુપમ છે. સાંપ્રદાયિક સિદ્ધાંતોને પ્રકાશિત કરવામાં મેરુ સમાન અડગ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતાનો સચોટ પુરાવો છે. આ ગ્રંથના પ્રત્યેક પદ્યોમાં સાચા રત્નો, માણેકો અને હીરાઓ સમાયેલા છે. માનવજીવનના મૂલ્યોને બદલી આપે એવો જીવંતબોધ આ ગ્રંથમાં અમૃતની જેમ વારંવાર પીરસાયો છે. જીવન પરિવર્તન કરવાની, સમજણ સુધારવાની અને ભગવાન તથા સાચા સંતના કૃપાના પાત્ર બનવાની અલૌકિક અને અમોઘ શક્તિઓ આમાં સમાયેલી છે. ભારતની રાષ્ટ્રીય ભાષામાં લખાયેલો આ ગ્રંથ ખરેખર રાષ્ટ્રીય એકતા, સાંપ્રદાયિક એકતા અને માનવ-માનવ પ્રત્યેની આંતરીક એકતાને સર્જનાર શ્રેષ્ઠ સેતુ છે; બ્રહ્મવિદ્યાની પાઠશાળા સમાન છે. આવા આ ગ્રંથનો આપણે વિશેષ ને વિશેષ લાભ લઈ આપણા જીવનને ધન્ય બનાવીએ; એ જ અભ્યર્થના સહ...

**લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ (કુંડળધામ)**

**મો. ૯૬૦૧૨૯૦૦૦૧/૨**

# માસિક ભેટ નામાવલી – ઓક્ટોબર–૨૦૧૧

૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૨૦૦ હરિકૃષ્ણભાઈ મણીભાઈ પટેલ - ઉત્તમનગર
૧૦૧ ગીતાબેન સુનીલભાઈ ચૌહાણ (એડવોકેટ)
હ. પા. દિનુ ભગત - નડીયાદ
૧૦૧ ગીતાબેન જગદીશભાઈ પટેલ - નડીયાદ
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૧૦૧ રિતેશકુમાર જયંતીભાઈ પટેલ-વડતાલ
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૧૦૦ મનુભાઈ ચીમનભાઈ પરમાર-વડતાલ
૧૦૧ તિર્થાબેન ચિંતનકુમાર પટેલ - ગોધરા
૧૦૧ નિરૂબેન વિનોદભાઈ હ. ધર્મિષ્ઠાબેન - ગોધરા
૧૦૧ ભાવેશભાઈ અશ્વિનભાઈ પટેલ - કેરીઆવી
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૧૫૧ કિશોરભાઈ ગમનભાઈ પસ્તાગીયા - સુરત
૧૦૧ ન્યાલકરણ સો મીલ
હ. પા. દિનુ ભગત-સડથલાવાળા - વાગરા
૧૦૧ ન્યાલકરણ સો મીલ
હ. પા. દિનુ ભગત-સડથલાવાળા - વાગરા
૧૦૧ મુકેશભાઈ ઓધવજીભાઈ વરગામા - વડોદરા
૧૦૦ ભરતકુમાર નરસિંહભાઈ પટેલ - પિપલીયા
૧૦૧ સંજયભાઈ રતીલાલ - વિદ્યાનગર
૧૦૧ વર્ષાબેન ભરતભાઈ પંચાલ - જંબુસર
૧૦૧ પ્રેક્ષા ભરતભાઈ પંચાલ - જંબુસર
૧૦૧ ધ્રુવેશભાઈ નરેન્દ્રભાઈ પટેલ - મોભા
૧૫૧ યોગેશભાઈ કાન્તિલાલ ઠક્કર - કરચીયા
૧૦૧ મનોજકુમાર જયંતિભાઈ પટેલ - સામરખા
૨૦૧ કિરીટભાઈ આર. રાય - નડીયાદ
૧૦૧ સરોજબેન કિરીટભાઈ રાય - નડીયાદ
૧૦૧ શ્રેય દિક્ષિતભાઈ રાય - નડીયાદ
૧૦૧ અનસુયાબેન એચ. રાય - નડીયાદ
૧૦૦ ડિમ્પુબેન એમ. પટેલ - કરમસદ
૨૦૧ જ્યોતિષી ચંપકલાલ ઠાકોરદાસ - સુરતપાળા - નવસારી
૧૦૧ જયાબેન ઠાકોરભાઈ - વડોદરા
૧૦૧ ગીતાબેન કાન્તિલાલ પટેલ - નડીયાદ
૧૦૧ વસંતબેન નરોત્તમદાસ ઝઘડા - મુંબઈ
૧૦૧ કિશોરચદ્ર ઈશ્વરલાલ - સુરત
૧૦૦ ભૂમિકા પ્રકાશચંદ્ર પટેલ - ભરૂચ
૧૦૦ રૂપલ પ્રિતેશ પટેલ - આણંદ
૧૦૧ નયનભાઈ સોમાભાઈ પટેલ - હાડેવા
૧૦૧ કનુભાઈ જેઠાભાઈ પટેલ - સંધાણા
૧૫૦ પરેશકુમાર રમણલાલ પટેલ - મંગલેશ્વર
૧૦૧ સમીર મૂળજીભાઈ પટેલ - દાંદા
૧૦૦ બિપીનચંદ્ર ઉમેદભાઈ પટેલ - વડોદરા
૧૦૧ ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કું. હ. સુરેશભાઈ કે. પટેલ - વલેટવા
૧૦૧ ચેતનભાઈ સોમાભાઈ પટેલ - કડી
૧૦૦ સુશિલાબેન જશભાઈ પટેલ - જીંટોડીયા
૧૦૧ હિરેનભાઈ બાલુભાઈ પટેલ - ભરૂચ
૫૦૧ ભુપેન્દ્રસિંહ ખુમાનસિંહ રાઉલજી - સોનીપુર
૧૦૧ અનિલ રસિકભાઈ વાઘેલા - વડોદરા
૧૦૦ ગિરિશભાઈ મગનભાઈ પટેલ - વાસણા

૧૦૧ પ્રવિણાબેન પાઠક - વડોદરા
૧૦૧ ધર્મેશકુમાર રમેશભાઈ રાવજીભાઈ પરમાર -મહુડીયાપુરા
૨૦૧ ભીખાભાઈ છગનભાઈ કનસાડવાળા - સુરત
૧૦૧ ઘનશ્યામ ટ્રેડર્સ - દાહોદ
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૧૦૧ દિનેશચંદ્ર જયકૃષ્ણભાઈ પંચાલ - આણંદ
૫૦૧ ઘનશ્યામભાઈ એસ.પટેલ - સંધાણાવાળા - નડીયાદ
૧૦૦ જીતુભાઈ આશાભાઈ પટેલ - નાવલી
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા
૧૦૧ નિમિષભાઈ વસંતભાઈ પટેલ - અમદાવાદ
૧૦૦ પવનકુમાર પૂર્વાંગભાઈ પટેલ - દોરા
૧૦૦ હર્ષકુમાર ભરતભાઈ પટેલ - દોરા
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા - વડતાલ
૧૦૫ અશ્વિનભાઈ મગનભાઈઠાકોર - જોબનપુરા
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા - વડતાલ
૧૦૧ વિનુભાઈ જે. પટેલ - વડોદરા
૧૦૧ અ. નિ. ઉર્મિલાબેન રમેશભાઈ પટેલ- ખંભોળજ
૧૦૧ રમેશભાઈ ગોરધનભાઈ પટેલ - ખંભોળજ
૧૦૧ નૈતિકકુમાર રમેશભાઈ પટેલ - ગોધરા
૧૦૫ અશ્વિનભાઈ મગનભાઈ ઠાકોર - જોબનપુરા
૧૦૫ તિર્થ અલ્પેશકુમાર ઠાકોર - જોબનપુરા
૧૦૧ શરદભાઈ ઈશ્વરભાઈ પટેલ - ઠાસરા
૨૫૧ મહેશભાઈ ભાનુભાઈ પટેલ - પિપળાવ
૧૦૧ પરમાર નંદાબેન રાવજીભાઈ તથા પરિવાર - મહુડીયાપુરા
૧૫૧ ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કું હ. સુરેશભાઈ કે. પટેલ - વલેટવા
૧૦૧ પ્રફુલ્લભાઈ મોતીભાઈ રાય - તલોધ
૧૦૧ કલાબેન રતનલાલ પટેલ - ભરૂચ
૧૦૧ પ્રેજ્ઞેશકુમાર રાવજીભાઈ રામો - વડોદરા
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા-વડતાલ
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા-વડતાલ
૧૫૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા-વડતાલ
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા-વડતાલ
૧૦૧ ભદ્રેશકુમાર ચતુરભાઈ પટેલ - મંગલેશ્વર
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા-વડતાલ
૧૦૦ દિનેશભાઈ કે. પ્રજાપતિ - સલાડ
૧૧૧ વિનોદભાઈ પ્રવિણચંદ્ર મહેતા-ચશ્માવાળા - નવસારી
૧૦૧ પરસોત્તમભાઈ ખોડાભાઈ - સુરત
૧૦૧ ધવલ ધર્મેશકુમાર સાગર - મુંબઈ
૨૦૧ નિરંજનભાઈ સી. પંચાલ - વડોદરા
૧૦૧ ધર્મેશકુમાર રમેશભાઈ રાવજીભાઈ પરમાર - મહુડીયાપુરા
૧૦૧ અશોકભાઈ એમ. પટેલ-પીજવાળા - સેલવાસ
૧૦૧ ભીખુભાઈ જાદવભાઈ પટેલ - તરસાલી
૧૦૧ રેખાબેન ચંદુભાઈ શેટા -સુરત
૧૦૧ લીલાબેન રમેશભાઈ શેટા - સુરત
૧૦૧ જીગર શશીકાન્ત ઉપાધ્યાય - વડોદરા
૧૦૧ કુશલ શશીકાન્ત ઉપાધ્યાય - વડોદરા
૧૦૦ ચંદુભાઈ એસ. પટેલ - વાયરમેન-વડતાલ
૧૦૧ પા. દિનુ ભગત ગુ.કો. આશા ભગત-સડથલાવાળા-વડતાલ
૧૦૧ મધુસુદન ઘનશ્યામભાઈ ઠાકર - નડીયાદ
૧૦૧ રમણભાઈ નટવરભાઈ દવે - જેતલપુર
૧૦૦ પ્રવિણાબેન પાઠક - વડોદરા
૧૦૧ ભીખાભાઈ ભાઈચંદભાઈ કડીયા - લુણાવાડા




જુનાગઢ ગુરૂકુલને આંગણે ઉજવાયેલ 'સર્વમંગલ મહોત્સવ' માં પ. પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ. પૂ. સદ્. દેવકૃષ્ણદાસજી સ્વામી, પ. પૂ. સદ્. જ્ઞાનસ્વરુપદાસજીસ્વામી આદિક સંતો તથા ભક્ત સમુદાય



શ્રી સ્વામિનારાયણ મંદિર-કલાકુંજ (સુરત) દ્વારા આયોજીત વડતાલ થી ગઢપુર પદયાત્રામાં તારાપુર મુકામે યાત્રાળુઓને આશીર્વાદ પાઠવવા પધારેલ પ. પૂ. આચાર્ય મહારાજશ્રી, મુ.કો. શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી તથા પદયાત્રામાં જોડાયેલા સંતો, ભક્તો.



હિન્દી સાહિત્યનો વિરાટ ગ્રંથરાજ "શ્રી હરિચરિત્રામૃત સાગર"ના મહોત્સવમાં કુંડળ મુકામે પધારેલ પ. પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત કરતા પ. પૂ. સદ્. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી તેમજ ભક્તસમુદાયને આશીર્વાદ પાઠવતા તથા પ્રસાદીના સ્થાનમાં નૂતન આરસની છત્રીનું ઉદ્‌ઘાટન કરતા પ. પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો.

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid up to. 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th of every month.



શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રીધર્મદેવ-ભક્તિમાતા-વાસુદેવ તથા વૃંદાવન વિહારી રાધાકૃષ્ણ આદિક દેવોના ૧૮૭મા પાટોત્સવ પ્રસંગે દેવોના અભિષેકના દિવ્ય દર્શન

કારતક સુદ-૧૧ના રોજ પ. પૂ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીએ વડતાલધામમાં ૧૧ મુમુક્ષુ પાર્ષદોને ભાગવતી દીક્ષા અર્પણ કરી.





શ્રી હરિકૃષ્ણ વિશ્રામ ગૃહનું ભુમિ પૂજન કર્યા બાદ વિશ્રામ ગૃહનો પ્લાન જોતા પ. પૂ. ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે મુખ્ય કોઠારીશ્રી નિલકંઠચરણદાસજી સ્વામી આદિક સંતો તથા ટ્રસ્ટી સભ્યશ્રીઓ તેમજ પ્લાનની રૂપરેખા આપતા આર્કીટેકટ શ્રી મધુકરભાઈ વ્યાસ.



### ટુંક સમયમાં વડતાલધામમાં તૈયાર થશે

## શ્રી હરિકૃષ્ણ વિશ્રામ ગૃહ

ગોમતીના દક્ષિણ દિશા તરફ અને ગૌશાળાના પાછળના ભાગમાં ૧૦૦૦ રૂમોનું વિશાળ બિલ્ડીંગ હરિભક્તોના ઉતારા માટે બનાવવામાં આવશે જેમાં હવા-ઉજાસ, પ્રકાશ-ઉજાસ સાથે આધુનિક સંપૂર્ણ સગવડતાએ યુક્ત એ.સી. રૂમો તૈયાર કરવામાં આવશે જેનું ભૂમિ પૂજન કારતકી સમૈયામાં પ. પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ચેરમેનશ્રી તથા મુખ્ય કોઠારીશ્રી તેમજ વડીલ સંતોના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતુ. જેનું બાંધકામ ગણત્રીના દિવસોમાં જ શરૂ થશે તો જે ભક્તોને વડતાલમાં આ બિલ્ડીંગમાં પોતાની રૂમ નોંધાવવી હોય તો તેમણે વડતાલ મંદિરે સંપર્ક કરવો.

સંપર્ક નં. : ૦૨૬૮ ૨૫૮૯૭૨૮, મો. ૯૩૭૪૯ ૯૫૦૦૦